RNI No.: GUJGUJ/2014/59295

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 183* Date: 01.05.2022 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

જમ્મુ કશ્મીરમાં રોકાણ કરવા માટે ઉદ્યોગ ગૃહો આગળ આવે : મનોજ સિંહાએ અપીલ કરી

મુંબઈ,તા.૩૦

જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ઉદ્યોગ ગૃહોને જમ્મુ-કાશ્મીરમાં રોકાણ કરવા માટે આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું હતું કે, દેશની અર્થવ્યવસ્થામાં બિઝનેસ હાઉસનું મહત્ત્વનું યોગદાન છે. દેશમાં રોજગાર સર્જન અને વૃદ્ધિના આ મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. મનીકંટ્રોલ પ્રો ઈન્ડિયન ફેમિલી બિઝનેસ એવોર્ડ સમારોહને સંબોધિત કરતી વખતે તેમણે આ વાત કહી.

મનીકંટ્રોલ પ્રો ઈન્ડિયન ફેમિલી બિઝનેસ એવોર્ડ ની આ પ્રથમ આવૃત્તિ છે. તેનું આયોજન ૨૯ એપ્રિલે મુંબઈમાં કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ સમારોહમાં મનોજ સિંહાને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. મનીકંટ્રોલ પ્રો અને વોટરફિલ્ડ એડવાઈઝર્સ સાથે મળીને આ એવોર્ડની સ્થાપના કરવામાં આવી છે. મનોજ સિંહાએ કહ્યું કે દેશના જીડીપીમાં ૮૦ ટકા બિઝનેસ હાઉસનો ફાળો છે. ગ્રાહકોની માંગને પહોંચી વળવા ઉપરાંત, રોજગાર પેદા કરવામાં, સ્ટાર્ટઅપ્સને ભંડોળ પૂરું પાડવામાં બિઝનેસ હાઉસની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. તેઓ ભારતને ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

તેમણે કહ્યું કે આર્થિક સુધારા દ્વારા જ દેશના વિકાસને વેગ આપી શકાય છે. આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનવો જોઈએ. આ જ કારણ છે કે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડએ ૨૦૨૨માં ભારતનો વિકાસ દર ઊંચા સ્તરે રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. મનોજ સિન્હાએ તમામ અગ્રણી બિઝનેસ હાઉસને જમ્મુ-કાશ્મીરમાં રોકાણ કરવાની અપીલ કરી હતી. તેમણે ઉદ્યોગપતિને ખાતરી આપી હતી કે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની તુલનામાં ત્રશ્દ્ધમાં ઉદ્યોગો સ્થાપવા માટે શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં પણ પારિવારિક વ્યવસાયની સંસ્કૃતિ છે. કૌટુંબિક વ્યવસાયોએ હસ્તકલા, પશ્મિના, કાર્પેટ અને બાગાયત ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું હતું કે સરકારના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને કારણે અહીં વેપારનું વાતાવરણ સકારાત્મક બન્યું છે. જીએસટી, એક્સાઈઝ ટેક્સ, સેલ્સ ટેક્સ અને સ્ટેમ્પ ડ્યુટીના વસૂલાતમાં થયેલો વધારો તેનો પુરાવો છે. જમ્મુ કાશ્મીર પાસે હાલમાં રૂ. ૫૨,૦૦૦ કરોડના રોકાણની દરખાસ્તો છે. આ એ પણ દર્શાવે છે કે અહીં વેપારી વાતાવરણને પ્રોત્સાહન મળ્યું છે.

મુખ્યમંત્રીઓ અને ચીફ જસ્ટિસની સંયુક્ત કોન્ફરન્સ

અંગ્રેજીમાં આપેલા ચુકાદાને સામાન્ય લોકો સમજી શકતા નથી, કોર્ટ સ્થાનિક ભાષાને પ્રોત્સાહન આપે : વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ રાજયોના મુખ્યમંત્રીઓ અને મુખ્ય ન્યાયાધીશોની સંયુક્ત કોન્ફરન્સમાં સંબોધન કર્યું હતુ. જેમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ, કેન્દ્રીય કાયદા મંત્રી અને તમામ ૨૫ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું. અગાઉ આ કાર્યક્રમ ૨૦૧૬માં યોજાયો હતો. આ દરમિયાન મોદીએ કહ્યું હતુ કે અંગ્રેજીમાં આપેલા ચુકાદાને સામાન્ય લોકો સમજી શકતા નથી. આપણે કોર્ટમાં સ્થાનિક ભાષાઓને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. આનાથી દેશના સામાન્ય નાગરિકોનો ન્યાય વ્યવસ્થામાં વિશ્વાસ વધશે, તેઓ તેની સાથે જોડાયેલા હોવાનું અનુભવશે. આપણા દેશમાં, જ્યારે એક બાજું ન્યાયતંત્રની ભૂમિકા બંધારણના સંરક્ષકની છે, ત્યારે વિધાનસભા નાગરિકોની આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. મને વિશ્વાસ છે કે બંધારણના આ બે પ્રવાહોનો સંગમ, આ સંતુલન દેશમાં અસરકારક અને સમયબદ્ધ ન્યાય વ્યવસ્થા માટે રોડ મેપ તૈયાર કરશે.અગાઉ, સીજેઆઈ એનવી રમણાએ કહ્યું - ન્યાયનું મંદિર હોવાને કારણે, કોર્ટે લોકોનું સ્વાગત કરવું જોઈએ, કોર્ટની અપેક્ષિત ગરિમા હોવી જોઈએ. આ કાર્યક્રમ ન્યાયતંત્રને લગતી બાબતો અને સરકાર સાથે તેના બહેતર સંબંધોના સંદર્ભમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. સીજેઆઈએ આ સાથે તેમણે કોર્ટના ચુકાદાનું પાલન કરવામાં ઉદાસીનતા દાખવવા અંગે પણ અસંતોષ વ્યક્ત કર્યો હતો.

આ અવસરે ચીફ જસ્ટિસ રમને કહ્યું હતું કે કોર્ટના ચુકાદા છતાં પણ સરકારો દ્વારા જાણી જોઈને તેનું પાલન ન કરવું એ લોકશાહી માટે સારું નથી. CJIએ કહ્યું હતું કે જાહેર હિતની અરજીઓના દુરુપયોગ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે તે હવે જાહેર હિતની અરજીને બદલે 'પર્સનલ ઈન્ટ્રેસ્ટ લિટિગેશન' બની ગઈ છે. પીઆઈએલનો ઉપયોગ અંગત લાભ માટે કરવામાં આવી રહ્યો છે. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રીય કાયદા મંત્રી કિરણ રિજુજુએ કહ્યું, આ કાર્યક્રમ સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે પ્રમાણિક અને રચનાત્મક સંવાદની એક અનોખી તક છે. આનાથી લોકોને નક્કર ન્યાય મેળવવામાં મદદ મળશે.

ભારતના ચીફ જસ્ટિસ એન. વી. રમન્નાએ કહ્યું છે કે ઘણી વખત કોર્ટના નિર્ણય સરકાર વર્ષો સુધી લાગુ નથી કરતી. જાણીજોઈને કોર્ટના ઑર્ડર પર કાર્યવાહી ન કરવી એ દેશના હિત માટે ઠીક નથી. ઘણી વાર કાયદા વિભાગનાં સલાહ અને સૂચન વહીવટીતંત્ર દ્વારા ધ્યાનમાં લેવાતાં નહોતાં.

મંચ પરથી પોતાની વાત મૂકતાં જસ્ટિસ રમન્નાએ કહ્યું, ×બંધારણમાં ધારાસભા, ન્યાયતંત્ર અને વહીવટીતંત્રની જવાબદારીઓને વિભાજિત કરાઈ છે. આપણે આપણી 'લક્ષ્મણરેખા'નું ધ્યાન રાખવું જોઈએ. જો શાસનનું કામકાજ કાયદા પ્રમાણે થાય તો ન્યાયતંત્ર ક્યારે તેમના રસ્તામાં નહીં આવે. જો નગરપાલિકા, ગ્રામપંચાયત પોતાનાં કર્તવ્યનું સારી રીતે વહન કરે. પોલીસ ઉચિત પ્રકારે કેસની તપાસ કરે અને ગેરકાયદેસર કસ્ટોડિયલ યાતના કે મોત ન થાય તો લોકોને કોર્ટ આવવાની જરૂરિયાત જ નહીં પડે.×

છત્તીસગઢમાં ૧૦ દિવસની અંદર અનેક નકસલી હુમલા,મેમાં મોટા હુમલાના સંકેત

નવીદિલ્હી,તા.૩૦

છત્તીસગઢમાં હાલના દિવસોમાં સુરક્ષા એજન્સીઓની સામે નકસલીઓને કંટ્રોલ કરવાનો મોટો પડકાર ઉભો થઇ ગયો છે.નકસલ પ્રભાવિત વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસની અંદર નકસલી સુરક્ષાદળોના કેમ્પો પર અનેક હુમલા કરી ચુકયા છે.સુરક્ષા દળોના સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર નકસલીઓએ સીઆરપીએફના બે કેમ્પો પર હુમલો કર્યો હતો.આ હુમલો છત્તીસગઢના મિલાપા કેમ્પ અને એલમાગુંડા કેમ્પ પર કરવામાં આવ્યો હતો.

સુરક્ષા દળો પાસેથી મળેલી માહિતી અનુસાર છત્તીસગઢમાં નકસલીઓએ ગ્રેનેડ લોન્ચર અને બીજીએલથી રાતમાં રહી રહીને ગોળીબાર કર્યો ગત કેટલાક દિવસોથી નકસલી પોતાની હાજરી બતાવવા માટે સીઆરપીએફના કેમ્પ પર ગોળીબાર કરી રહ્યાં છે આ પ્રકારે સુકમાના પોટકાપલ્લી સીઆરપીએફ કેમ્પ પર પણ સોમવારની રાતે નકસલીઓએ હુમલો કર્યો હતો ગોળીબારની સાથે જ તેમણે ગ્રેનેડ લોન્ચરથી અને ગોળા દાગ્યા હતાં જો કે સીઆરપીએફના કમાંડોએ પણ જવાબી કાર્યવાહી કરી ત્યારે તમામ નકસલી ભાગી ગયા હતાં.આવી જ રીતે છત્તીસગઢના નારાયણપુર,સુકમા અને બસ્તના આઇટીબીપી બીએસએફ એસએસબી અને સીઆરપીએફના કેમ્પોમાં રાતના સમયે ગોળીબાર કરવામાં આવી રહ્યાં છે. છેલ્લા ૧૦ દિવસથી સતત નકસલીઓની આવી પેટર્ન જોતા સુરક્ષા વિભાગમાં ચર્ચા છે કે શું નકસલી આ રીતે કોઇ મોટા હુમલાની યોજના બનાવી રહ્યાં છે. નકસલી સુરક્ષા દળોના કેમ્પ પર રાતે આઠથી ૧૦ અને ૧૨થી ૩ ની વચ્ચે ગોળીબાર કરી રહ્યાં છે.

સુરક્ષા એજન્સીઓના સુત્રોના જણાવ્યા અનુસાર નકસલી માર્ચથી લઇ જુન સુધી ટેકિટકલ કાઉન્ટર ઓફેંસિવ કેમ્પન ચલાવી રહ્યાં છે તેમાં તેમનો હેતુ સુરક્ષા દળો પર વધુમાં વધુ હુમલા કરવાનો હોય છે નકસલીઓએ ફકત છત્તીસગઢના સાઉથ બસ્તરમાં જ ટીસીઓસી ચલાવવાની યોજના બનાવી નથી પરંતુ તેમણે ખુબ વર્ષો બાદ નવી ટ્રાઇ જંકશનની નજીક સુરક્ષા દળો પર હુમલા કરવાની યોજના તૈયાર કરી છે.

સુરશ્રા દળોના રિપોર્ટ અનુસાર નકસલી પીએલજી બીએન ૧ના કમાંડર માંડવી ઇદુમલ ઉર્ફે હિડમા સુરક્ષા દળોથી છીનવેલા હથિયારો અને યુબીજીએલ રોકેટ લોન્ચરથી હુમલાની ફિરાકમાં છે નકસલી સુરક્ષા દળોની સામગ્રી અને ગાડીઓને નિશાન બનાવવાની યોજના બનાવી રહ્યાં છે

સુત્રોના જણાવ્યા અનુસાર સિકયોરિટી ફોર્સ છત્તીસગઢ ઓરિસ્સા અને આંધ્રપ્રદેશની સીમા પર આવેલ ૧૨૨ ગામની થર્મલ ઇમેજિંગ કરાવી રહી છે આ વિસ્તાર નકસલી પ્રભાવિત છે અને અનેક વિસ્તારમાં નકસલીઓના બેસ બનેલા છે સિકયોરિટી ફોર્સ આ કામમાં એનટીઆરઓની મદદ લઇ રહી છે તેનો સૌથી મોટો લાભ એ થશે કે જયારે પણ સિકયોરિટી ફોર્સ આ વિસ્તારમાં ઓપરેશન માટે નિકળશે તેમને તમામ રસ્તાની માહિતી હશે આથી નકસલીઓની વિરૂધ્ધ સારા ઓપરેશનને કોઓર્ડિનેટ કરવામાં મદદ મળશે

હાઈકોર્ટમાં ૧૨૯ જજોની નિયુક્તિ,૫૪ નામ હજુ પણ સરકારની પાસે લંબિત : સીજેઆઈ રમના

નવીદિલ્હી,તા.૩૦

દેશના મુખ્ય ન્યાયમૂર્તિ એન વી રમનાએ તમામ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓને એકવાર ફરી કહ્યું છે કે જજોના ખાલી પદોની ભરતી માટે હાઈકોર્ટ કોલેજિયમ તાકિદે યોગ્ય નામોની ભલામણ મોકલી આપે જેથી સમય રહેતા ખાલી પદો ભરી શકાય સીજેઆઈ રમનાએ પોતાના કાર્યકાળની શરૂઆતમાં જ તમામ ન્યાયમૂર્તિઓને મોકલેલ પત્ર અને વીડિયો કોન્ફરન્સીંગની યાદ અપાવતા કહ્યું કે ત્યારે પણ તમને અપીલ કરી હતી કે જજોના ખાલી પજોને ભરવાની પ્રક્રિયા તેજ કરવામાં આવે ન્યાયમૂર્તિઓની નિયુક્તિ માટે નામ મોકલવા માટે સામાજિક વિવિધતાનું ધ્યાન પણ રાખવામાં આવે કેટલીક હાઈકોર્ટે તો ખુબ જબરજસ્ત કામ કર્યું છે બધાના સામૂહિક પ્રયાસની અસર છે કે વર્ષભરની અંદર ૧૨૬ જજોની વિવિધ હાઈકોર્ટમાં નિયુક્તિ સંભવ થઈ શકી અને ૫૦ વધુ જજોની નિયુક્તિ તાકિદે થનાર છે.

સુપ્રીમ કોર્ટને ૯ જજ એક સાથે મળ્યા અને ૧૦ હાઈકોર્ટમાં નવા ચીફ જસ્ટિસ મળ્યા.સીજેઆઈએ હાઈકોર્ટના ચીફ જસ્ટિસની કોન્ફરન્સમાં કહ્યું કે મારા પદભાર સંભાળ્યા બાદથી જ કોલેજિયમે ૧૮૦ લોકોના નામોની ભલામણ જજ બનાવવા માટે કરી તેમાંથી ૧૨૬ નિયુક્તિઓ થઈ ચુકી છે.બાકી ૫૪ નામોનો પ્રસ્તાવ સરકારની પાસે લંબિત છે હાઈકોર્ટ કોલેજિયમથી લગભગ ૧૦૦ નામોનો પ્રસ્તાવ સરકાર સુધી આવ્યો છે.આપણે દેશભરની અદાલતોમાં ઈલેકટ્રોનિક અને આઈટી ઈન્ફ્રાંસ્ટ્રકચર પ્રાથમિકતાનો આધાર મજબુત કરવાનો છે. આ સાથે જ જીલ્લા અદાલતોમાં સ્ટાફની કમી દુર કરવા માટે પણ પગલા ઉઠાવવામાં આવે સંસ્થાનિક અને કાનુની સુધારો પર પણ આપણો ભાર હોય હાઈકોર્ટમાં જજોની ખાલી પદોને ભવિષ્યમાં પણ સમય રહેતા જ ભરવાની એક સિસ્ટમ બનાવવામાં આવે નિયુક્તિ ઉપરાંત જજોની નિવૃતિ બાદ મળનારા લાભો માટે પણ સિસ્ટમ વિકસિત કરવામાં આવે

મેવાણી કેસમાં ખોટી એફઆઇઆર કરનાર વ્યક્તિને શોધવા માટે સીબીઆઇ તપાસ કરાવો: ચિદમ્બરમનો કટાક્ષ

નવીદિલ્હી,તા.૩૦

આસામની એક કોર્ટે ગુજરાતના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી વિરુદ્ધ ખોટી એફઆઇઆર નોંધવા બદલ રાજ્ય પોલીસની ઝાટકણી કાઢી હતી. આ અંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમે આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમા પર કટાક્ષ કર્યો હતો. તેમણે પૂછ્યું કે શું સીબીઆઈને એ શોધવાનું કામ સોંપશે કે એફઆઈઆર દાખલ કરનાર વ્યક્તિ કોણ છે.

આના જવાબમાં ચિદમ્બરમે કહ્યું કે કોર્ટે અવલોકન કર્યું કે કોઈ પણ સમજદાર વ્યક્તિ બે પુરૂષ પોલીસ અધિકારીઓની હાજરીમાં મહિલા પોલીસ અધિકારી સાથે અભદ્ર વર્તન કરી શકે નહિ, એફઆઈઆરનો કોઈ આધાર નથી. ટ્વીટ્સની શ્રેણીમાં, ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ પ્રધાને કહ્યું કે અદાલતે શોધી કાઢ્યું છે કે મેવાણી પાગલ હોવાના કોઈ પુરાવા નથી.

વાસ્તવમાં, બારપેટા જિલ્લા અને સત્ર ન્યાયાધીશ અપરેશ ચક્રવર્તીએ, પોલીસ એક્રાઉન્ટર્સનો ઉલ્લેખ કરીને, ગૌહાટી હાઈકોર્ટને વિનંતી કરી કે રાજ્ય પોલીસ દળને પોતાને સુધારવાનો નિર્દેશ આપે. ન્યાયાધીશે કહ્યું કે હાઈકોર્ટે આસામ પોલીસને હાલના કેસની જેમ ખોટી એફઆઈઆર નોંધવા, આરોપીઓને ગોળી મારવા અથવા ઈજા પહોંચાડવાથી રોકવા માટે પગલાં લેવા જોઈએ. આ માટે, કોર્ટ પોલીસને પોતાને સુધારવા માટે નિર્દેશ આપવાનું વિચારી શકે છે, જે રાજ્યમાં નિયમિત ઘટના બની ગઈ છે.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે હાઈકોર્ટે કાયદો અને વ્યવસ્થાની ફરજમાં રોકાયેલા દરેક પોલીસકર્મીને બોડી કેમેરા પહેરવા, આરોપીની ધરપકડ કરતી વખતે અથવા આરોપીને સામાન અથવા અન્ય કારણોસર સ્થળ પર લઈ જતી વખતે વાહનોમાં સીસીટીવી કેમેરા લગાવવાની આવશ્યકતા રહેશે, તમામ પોલીસ પણ આ કરી શકે છે. સ્ટેશનોની અંદર સીસીટીવી કેમેરા લગાવવાનું નિર્દેશન કરવાનું વિચારો. નહીં તો આપણું રાજ્ય પોલીસ રાજ્ય બની જશે, જે સમાજ સહન કરી શકશે નહીં.

દેશમાં કોરોનાનાં ૨૪ કલાકમાં ૩,૬૮૮ નવા કેસ, ૫૦ના મોત

નવીદિલ્હી,તા.૩૦

દેશમાં કોરોના ફરી એકવાર જોર પકડતો જોવા મળી રહ્યો છે. ઝડપથી વધી રહેલા કેસ પ્રશાસન અને લોકોની ચિંતા વધારી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩ હજાર ૬૮૮ નવા કેસ નોંધાયા છે, જે ગઈકાલ કરતા વધુ છે. આ સમયગાળા દરમિયાન રોગચાળાને કારણે ૫૦ લોકોના મોત થયા છે. આ નવા કેસ બાદ હવે એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૮ હજાર ૬૮૪ થઈ ગઈ છે.

જો આપણે દેશના કુલ આંકડાની વાત કરીએ, તો હવે આ આંકડો ૪ કરોડ ૨૫ લાખ ૩૩ હજાર ૩૭૭ પર પહોંચી ગયો છે. આ સાથે દેશભરમાં આ મહામારીથી મૃત્યુઆંક વધીને ૫ લાખ ૨૩ હજાર ૮૦૩ થઈ ગયો છે. ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા.

હવે બિહારમાં લાઉડસ્પીકરને લઇ ભાજપ જદયુ આમને સામને

પટણા,તા.૩૦

લાઉડસ્પીકરનો મુદ્દો હવે યુપી અને મહારાષ્ટ્ર બાદ બિહારમાં પણ પહોંચી ગયો છે અહીં સત્તાધારી જદયુ અને સરકારમાં સામેલ ભાજપના મંત્રીના લાઉડસ્પીકરને લઇ એક બીજાથી જોડાયેલા નિવેદન સામે આવ્યા છે.એ યાદ રહે કે પ્રદેશ સરકારમાં મંત્રી અને ભાજપ નેતા જનક રામે કહ્યું છે કે ઉત્તરપ્રદેશની અસર બિહારમાં પણ પડશે પરંતુ સાથી જદયુના મંત્રી અશોક ચૌધરીનું નિવેદન તેનાથી ઠીક ઉલટ છે.એ યાદ રહે કે બિહારમાં ભાજપ અને જદયુની ગઠબંધન સરકાર ચાલે છે પરંતુ અનેક મુદ્દાઓ પર તેમના મતભેદ અવારનવાર સામે આવતા રહે છે. બિહારમાં લાઉડસ્પીકર હટાવવાના સવાલ પર મંત્રી જનક રામે કહ્યું કે દેશના સૌથી મોટા ઉત્તર પ્રદેશમાં જો કોઇ કામ કાનુન અનુસાર થઇ રહ્યું છે તો નિશ્ચિત રીતે અહીં પણ તેની અસર જોવા મળશે.તેમણે કહ્યું કે બંધારણ મોટુ છે નહીં કે કોઇ ધર્મ જો ન્યાય પ્રિય શાસન આપવું હોય તો કાનુન અનુસાર ચાલવું પડશે

જનકરામે કહ્યું કે જો કોઇ કાનુન આવશે તો લાઉડસ્પીકર જરૂર હટાવવામાં આવશે આ સાથે જ કહ્યું કે લાઉડસ્પીકરથી ધ્વનિ પ્રદુષણ થઇ રહ્યું છે તો તેના પર ગૃહમાં ચર્ચા થશે આમ સહમતિ બનશે અને નિયમ સંગત કામ થશે લાઉડસ્પીકર પર કાનુન બનાવવાના સવાલ પર મંત્રી જનકરામે કહ્યું કે પહેલા ખુબ આવા કાનુન હતાં પરંતુ તેને હટાવવામાં આવ્યા અથવા તો સુધાર કરવામાં આવ્યો આ દરમિયાન તેમણે ખનનને લઇ કાનુનનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેમાં સુધાર કરવામાં આવ્યો આ સાથે જ કહ્યું કે જનતાની ભલાઇ માટે કાનુન બનાવવામાં આવે છે જો તેના પર વિચાર કરવાનો થયો તો જરૂર કરીશું જો કે સરકારમાં ભાજપના સાથી પક્ષ જદયુના મંત્રી અશોક ચૌધરીએ કહ્યું કે જનક રામનો આ વ્યક્તિગત મત છે તેને ભાજપનો મત માની શકાય નહીં

તંત્રી સ્થાનેથી...

સંવેદનશીલતાની જરૂર

કોરોના બાબતે મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં વડાપ્રધાને અચાનક પેટ્રોલિયમ પદાર્થોની મોંઘવારીનો મુદ્દો ઉઠાવી દીધો. વડાપ્રધાને કહ્યું કે વિપક્ષી દળો શાસિત રાજ્ય સરકારોએ કેન્દ્ર દ્વારા ઉત્પાદન શુલ્ક ઘટાડવા છતાં પણ વેટમાં કપાત નહીં કરીને પેટ્રોલ-ડીઝલના ભાવમાં પોતાની જનતાને રાહત ન આપી. જ્યારે ભાજપ શાસિત રાજ્યોએ વેટમાં ઘટાડો કરીને ઇંધણના ભાવમાં રાહત આપી છે. ત્યારબાદ આ મુદ્દે રાજકીય આક્ષેપબાજી શરૂ થઈ ગઈ. કોંગ્રેસ સહિત વિપક્ષી દળો ઉલટાનું કેન્દ્ર સરકારને ઉત્પાદન શુલ્ક ઘટાડવાનું કહેવા લાગ્યા. જ્યારે વાત તો ભાજપ શાસિત રાજ્યોએ વેટ ઘટાડીને પોતાની જનતાને રાહત આપી અને વિપક્ષી રાજ્યોએ વેટમાં ઘરાર ઘટાડો નહીં કરીને પોતાની જ જનતા પ્રત્યે અસંવેદનશીલ વલણ રાખ્યું છે. કોરોના દરમ્યાન લોકોની આવકમાં ઘણો ઘટાડો થયો છે, એવામાં વિપક્ષ શાસિત રાજ્યોએ પોતાની જનતા પ્રત્યે સંવેદનશીલ વ્યવહાર દેખાડવો જોઇતો હતો, એને બદલે તેમણે તો પોતાની આવક ઘટી હોવાનાં રોદણાં રડવા માંડ્યાં. ભાજપ શાસિત રાજ્યોની આવક પણ ઘટી હશે, તેમ છતાં તેમણે વેટમાં કપાત કરીને વધારાનું નુકસાન પણ વેઠ્યું. ત્યારે વિપક્ષોનું વલણ એવું છે કે કેન્દ્ર એક્સાઇઝમાં ઘટાડો કરી આપે, પરંતુ વેટમાં ઘટાડો કરીને અમને જીતાડનાર જનતાને અમે રાહત નહીં આપીએ. આ તો 'તારું-મારું સહિયારું, મારું-મારું આગવું' એવો ઘાટ થયો.

વિપક્ષી રાજ્ય સરકારોએ વેટમાં ઘટાડો કરીને પોતાની આવકના બીજા ોત શોધવા જોઇએ. સાથે જ જીએસટી સંગ્રહમાં જે છીંડાં છે તેને પૂરીને પોતાની આવક વધારવી જોઇએ. અસલમાં કેન્દ્ર સરકારે ગત નવેમ્બરમાં જ પહેલાં એક્સાઇઝ ડ્યૂટીમાં કપાત કરીને રાજ્ય સરકારોને પેટ્રોલિયમ પદાર્થો પર વેટ ઘટાડવા માટે આગ્રહ કર્યો હતો. ભાજપ શાસિત રાજ્યોએ તો તેનો તરત અમલ કર્યો, પરંતુ કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી દળોનું શાસન ધરાવતી રાજ્ય સરકારો - મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, તેલંગણા, આંધ્ર પ્રદેશ, કેરળ, ઝારખંડ તથા તમિલનાડુએ વેટમાં સહેજ પણ ઘટાડો નહીં કરીને જનતાને ત્રાહિમામ કરી ભરપૂર નાણાં ઉસેટવાનું ચાલુ રાખ્યું. આમ, અચાનક જ દેશ સામે ઉઘાડા પડી જવાથી વિપક્ષો ભૂરાંટા થયા અને કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી દળોના નેતાઓ કેન્દ્ર સરકાર પર તૂટી પડ્યા. ખરેખર તો ભાજપ શાસિત રાજ્યોના મુકાબલે બીજા પક્ષોની સરકારોમાં પેટ્રોલ અને ડીઝલ પર વેટના દરો લગભગ બે ગણા છે, જેને લોકોને રાહત આપવા માટે ઘટાડવા જોઇએ. એ કડવું સત્ય છે કે દેશ લગભગ એંસી ટકા પેટ્રોલિયમ વિદેશથી મંગાવે છે. પછી રાજ્યોના પેટ્રોલ પંપો દ્વારા તેનું છૂટક વેચાણ થાય છે. પંરતુ કડવી હકીકત એ છે કે મૂળ ખરીદ મૂલ્યના મુકાબલે લગભગ બેગણા ભાવ પર તેનું વેચાણ થાય છે. આમ પેટ્રોલિયમ પદાર્થોને સરકારો દૂઝણી ગાય સમજે છે અને તેના કરમાં કપાત કરવા રાજી નથી થતી. બીજી પણ એક હકીકત છે કે રાજ્ય સરકારો ઇંધણોને જીએસટી હેઠળ લાવવા રાજી નથી. જીએસટી કાઉન્સિલની કેટલીય મીટિંગમાં આ મુદ્દો ઉઠ્યો છે પરંતુ રાજ્ય સરકારો તેના માટે નન્નો ભણે છે. કેન્દ્ર સરકારે પેટ્રોલિયમ પદાર્થો, પર્યાવરણ પ્રદૂષણ અને સ્વાસ્થ્ય સાથે જોડાયેલા મુદ્દા પર આખા દેશ માટે એક નીતિ નિર્ધારિત કરીને આમ આદમીને રાહત આપવાનો પ્રયાસ કરવો જોઇએ.

સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૧૫૧ અને ચાંદીમાં રૂ.૩,૨૦૮નો સાપ્તાહિક ધોરણે કડાકો

ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૭૨ના ઉછાળા સાથે રૂ.૮,૦૬૦ના સ્તરને સ્પર્શ્યો: રબર, મેન્થા તેલમાં સાર્વત્રિક નરમાઈ: કપાસ, કોટનમાં વૃદ્ધિ: બુલડેક્સ વાયદામાં ૬૧૦ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૨ થી ૨૮ એપ્રિલના સપ્તાહ દરમિયાન ૨૩,૨૮,૫૭૫ સોદાઓમાં કુલ રૂ.૨,૦૦,૨૧૭.૯૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના મે વાયદામાં ૬૧૦ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૭૮,૨૨૯ સોદાઓમાં કુલ રૂ.૫૩,૦૫૫.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૨,૫૨૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૨,૬૬૨ અને નીચામાં રૂ.૫૦,૮૨૮ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૧૫૧ ઘટી રૂ.૫૧,૨૬૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૪૪ ઘટી રૂ.૪૧,૨૯૧ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૦ ઘટી રૂ.૫,૧૪૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૩૪૯ના ભાવે ખૂલી, રૂ.૯૬૫ ઘટી રૂ.૫૧,૩૯૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૭,૦૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૭,૨૫૬ અને નીચામાં રૂ.૬૩,૫૫૬ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ. ૩૨૦૮ ઘટી રૂ.૬૩,૯૧૭ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૩૨૯૩ ઘટી રૂ.૬૪,૦૦૧ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩,૧૫૩ ઘટી રૂ.૬૪,૧૬૯ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯૫,૩૯૬ સોદાઓમાં રૂ.૧૭,૬૮૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧૪.૫૦ ઘટી રૂ.૨૫૭ અને જસત એપ્રિલ વાયદો રૂ.૧૭.૩૦ ઘટી રૂ.૩૫૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩૮.૧૫ ઘટી રૂ.૭૮૧.૭૦ અને નિકલ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૮૬.૫ વધી રૂ.૨,૬૦૩.૮૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪.૫૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૬,૯૦,૧૬૬ સોદાઓમાં કુલ રૂ.૬૧,૦૨૯.૧૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૭,૮૬૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૮,૦૬૦ અને નીચામાં રૂ.૭,૩૩૫ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૧૭૨ વધી રૂ.૮,૦૩૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૦ વધી રૂ.૫૩૬.૪૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૨૪૭ સોદાઓમાં રૂ.૧,૩૮૩.૦૧ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૨,૨૯૮ બંધ થયો હતો. કોટન એપ્રિલ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૪,૦૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૫,૩૫૦ અને નીચામાં રૂ.૪૩,૬૯૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૯૦ વધી રૂ.૪૫,૦૩૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૧૫૦ના ભાવે ખૂલી, રૂ.૩૨૬ ઘટી રૂ.૧૬૩૬૭ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૫.૪૦ ઘટી રૂ.૧૦૩૬.૮૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧,૭૦,૦૪૫ સોદાઓમાં રૂ.૨૪,૮૦૪.૭૪ કરોડનાં ૪૮,૦૨૮.૦૨૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૭,૦૮,૧૮૪ સોદાઓમાં કુલ રૂ.૨૮,૨૫૦.૯૯ કરોડનાં ૪,૨૯૭.૫૬૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨,૮૩,૦૧૩ સોદાઓમાં રૂ.૨૫,૫૯૨.૭૬ કરોડનાં ૩,૩૧,૭૫,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૪,૦૭,૧૫૩ સોદાઓમાં રૂ.૩૫,૪૩૬ કરોડનાં ૬૫૮૯૨૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૮,૩૫૩ સોદાઓમાં રૂ.૧,૨૯૭.૧૮ કરોડનાં ૨૯૨૯૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧,૮૪૭ સોદાઓમાં રૂ.૮૪.૪૦ કરોડનાં ૭૭૯.૪ ટન, રબરના વાયદાઓમાં ૨૮ સોદાઓમાં રૂ.૦.૫૬ કરોડનાં ૩૩ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૩૨૯.૩૬૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૨૫.૭૪૮ ટન, ક્રૂડ તેલમાં ૭૨૬૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૭૧૩૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૧૦૪૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૭૮.૮ ટન, રબરમાં ૩ ટન ના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૮૦૪૨ સોદાઓમાં રૂ.૬૪૪.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૮,૦૪૦ સોદાઓમાં રૂ.૬૪૩.૭૯ કરોડનાં ૮,૬૩૧ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૨ સોદાઓમાં રૂ..૨૨ કરોડનાં ૨ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૧,૦૨૧ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૧ લોટ્સના સ્તરે રહ્યો હતો. એનર્જીડેક્સ મે વાયદો ૮,૭૪૮ના સ્તરે ખૂલી, ઊપરમાં ૮,૭૪૮ અને નીચામાં ૮,૭૪૮ના સ્તરને સ્પર્શી, ૩૫૦ પોઈન્ટ ઘટી ૮,૭૪૮ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ મે વાયદો ૧૫,૨૧૬ના સ્તરે ખૂલી, ૬૧૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૭૨ પોઈન્ટ ઘટી ૧૪,૭૪૪ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૬૪૬૪૯૫ સોદાઓમાં રૂ.૬૬,૪૨૪.૦૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું અને સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૧૨૪.૧૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૮૬.૬૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૮,૬૬૧.૯૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧,૧૪૪.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

શિવપાલ યાદવે આઝમ ખાન સાથે નવો મોરચો બનાવવાના સંકેત આપ્યા

લખનૌ,તા.૩૦

ઉત્તર પ્રદેશમાં પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીના વડા શિવપાલ યાદવે સપા નેતા અને રામપુરના ધારાસભ્ય આઝમ ખાન સાથે ત્રીજો મોરચો બનાવવાનો સંકેત આપ્યો છે. તેણે કહ્યું છે કે ખાન જેલમાંથી બહાર આવ્યા બાદ નિર્ણય લેવામાં આવશે. ખાસ વાત એ છે કે શિવપાલ અને સપા સુપ્રીમો અખિલેશ યાદવ વચ્ચે ખેંચતાણ ચાલુ છે. હવે અખિલેશ અને આઝમ વચ્ચે ખટાશના અહેવાલો પણ સામે આવી રહ્યા છે.

ખાન સાથે નવા મોરચા પર શિવપાલે કહ્યું, "તે જેલમાંથી બહાર આવશે ત્યારે તેના વિશે યોગ્ય સમયે નિર્ણય લેવામાં આવશે." તેમણે કહ્યું કે તેઓ ઈદ પછી પાર્ટીના નેતાઓ સાથે આ મુદ્દે વાત કરશે. અહીં, ખાનની જામીન અરજી ૨ મેના રોજ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. રામપુર સદરથી ૧૦ વખત ધારાસભ્ય રહી ચૂકેલા ખાન ઘણા કેસોમાં છેલ્લા બે વર્ષથી સીતાપુર જેલમાં છે.

એક પંપનું ઉદ્ઘાટન કરવા આવેલા શિવપાલે પુનરોચ્ચાર કર્યો કે તેઓ ભાજપમાં જોડાઈ રહ્યા નથી. ખાસ વાત એ છે કે, આ પહેલા પણ તેઓ અખિલેશ દ્વારા બીજેપીમાં જોડાવાના નિવેદન પર પ્રતિક્રિયા આપી ચૂક્યા છે. તેમણે સપા સુપ્રીમોને વિધાનસભા પક્ષમાંથી હાંકી કાઢવાનો પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'તેમના નેતૃત્વમાં લોકોના હિત માટે લડવાની સમાજવાદી પાર્ટીનું વિઝન આજે ક્યાંય દેખાતું નથી.' માર્ચમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં શિવપાલ સપાની ટિકિટ પર જીત્યા હતા. આઝમ ખાન અંગે તેમણે કહ્યું કે, રામપુરના ધારાસભ્યને નાની નાની બાબતોમાં હેરાન કરવામાં આવે છે. ખાને રામપુર સદર સીટથી ધારાસભ્યની ચૂંટણી જીત્યા બાદ રામપુર સાંસદ પદ છોડી દીધું હતું.

અમારી સરકારે ગરમીની મહતમ મર્યાદાનું બાંધણું કર્યું છે-રાજુ રદી

ગિરધરભાઈઇ, બહાર આવો!" રાજુએ મારા ધરના ગેટ પાસે ઉભા રહી ઘાંટો પાડ્યો. વરસો પહેલાં એક નાટક આવેલું "બહાર આવ , તારી બૈરી બતાવું". મને આવી કાંઇક ફડક પેઠી. આજકાલ ગમે તે ગમે તેને કહી દે છે કે તું મારા પુત્ર કે પુત્રીનો બાયોલેજિકલ ફાધર છે(વાસ્તવમાં લગ્ન બાહ્ય સંબંધમાં પ્રેમની મજા દરમિયાન સંતાન જન્મતા સંતાપ અનુભવતા કાયરતા દાખવનારા બાયલા મધર કે ફાધર હોય છે!!)

" કેમ, અલ્યા બહાર ઉભો ઉભો ગધેડાની જેમ ગાંગરે છે? તું કાણી પાઇ મારી પાસે માંગતો નથી તો લેણદારવેડા કેમ કરે છે? ઘરની અંદર આવ." મેં રાજુ રદીને ધમકાવ્યો.

" ગઇ કાલે તમે બખાળો કરતા હતા કે બહુ ગરમી પડે છે, એપ્રિલ માસમાં ગરમીના ભૂતકાળના રેકર્ડ તૂટી ગયા ૪૬ ડિગ્રી ગરમી પડી છે. મે-જૂનમાં ૧૦૦ ડિગ્રી ગરમી પડશે. સરકાર કંઇ કરતી નથી. દેશની વસ્તી ૧૩૫ કરોડ છે. સરકાર દરરોજ બધાના માથે બરફના ગચિયા મુકી ગરમીમાં રાહત આપે, બધાને લીંબુ સિકંજી પીવડાવે તેવી તમારી વિરોધપક્ષની માંગણી છે? સરકાર તમારી માંગ મુજબ વ્યવસ્થા કરશે તો તમે જ પાછા ગફલાના આરોપ મુકશો. સરકારે માનવતાને ઊંચા ભાવે કોન્ટ્રાકટ આપ્યો, ટેન્ડર પ્રક્રિયાનું પાલન ન કર્યું, ખાદ્ય બરફના બદલે ઔદ્યોગિક બરફ વાપર્યો, મિનરલ વોટરવાળો બરફ ન વાપર્યો!!"રાજુએ પાર્ટી પ્રવક્તા ગોબરની જેમ આક્રોશ વ્યક્ત કર્યો.

"રાજુ, રાજુ ઠંડો પડ. ગરમીમાં તાલકું ફાટી જશે." અમે રાજુને શાંતિ જાળવવા સુફિયાણી સલાહ આપી.

" ગિરધરભાઇ વરસો પહેલાં ધરતીકંપ, વાવાઝોડું, અકસ્માત કે આતંકવાદી ઘટના બને તો તપાસ કર્યા સિવાય, પુરાવા વિના વિદેશી હાથ હોવાની થિયેરી રજૂ કરી જનતાનું ધ્યાન ડાયવર્ટ (સારા શબ્દોમાં ગુમરાહ !) કરવામાં આવતું . ભ્રષ્ટાચાર , ગરીબી, બેરોજગાર વગેરેને ઇન્ટરનેશનલ ફિનોમનમાં ખતવણી કરી હેન્ડઝ અપ (એટલે કે હાથ અદ્ધર કરવા કે જવાબદારીથી હાથ ધોઇ નાંખવા)કરવામાં આવતા હતા. જો કે હાલમાં , આ પ્રથા અમલમાં છે!! સારું એટલું મારૂં અને ખરાબ એટલું વિપક્ષનું !!" રાજુએ રહસ્યોદઘાટન કર્યું!!

" રાજુ. ૨૦૧૭ના વરસમાં પાકિસ્તાનના પંજાબ પ્રાંતના નૂરપુર થાલ અને ભક્કરમાં પારો ૫૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યો હતો. ગયા વરસે જૂન માસમાં અમેરિકાના લાસ વેગાસમાં તાપમાન રેકૉર્ડ ૪૭.૨ ડિગ્રી સેલ્સિયલ નોંધાયું હતું .ત્યારે કેલિફોર્નિયાની ડેથ વેલીમાં રેકૉર્ડ ૫૪.૪ ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન પહોંચી ગયું હતું. " મેં માહિતી આપી.

" ગિરધરભાઇ . કંગાળ પાક્સ્તાનમાં કંગના જેવી ગરમી પડી છે. એક તો પ્રચંડ ગરમી અને સાહેબનો તાપ હોય એટલે ગરમી વધે જ ને !!પાકિસ્તાનમાં ૪૯ ડિગ્રી ગરમી પડી છે. નેપાળ,શ્રીલંકા માં પણ છોતરા ફાડી નાંખે તેવી ગરમી પડે છે.આપણે ત્યાં સૂરજ સાથે વિડીયો કોન્સફરિંગ કરીને સાહેબે લાલ આંખ કરીને ગરમીની મહતમ મર્યાદાનું બાંધણું કરી નાંખ્યું છે. સૂરજ સાથે એમઓયુ કર્યું છે.એટલે ગરમીને કાબુમાં કરી દીધી છે! તમને અમારી સામે વાંધો હોય તો પાકિસ્તાન જતા રહો તો અને ગરમીમાં સબડતા રહો." રાજુએ કહ્યું.

"હેંહેંહેંહેંએં " મારો પ્રતિભાવ.

ભરત વૈષ્ણવ

સાંભળ્યું છે?

કોઈએ નદીને બોય ફ્રેન્ડ હોય તેવું કદી સાંભળ્યું છે?

કોઈએ સાગરને ગર્લ ફ્રેન્ડ હોય તેવું સાંભળ્યું છે?

સાગર કે સરિતા નર કે માદા હોય તેમાં મીનમેખ ન હોય,

નદી લેસ્બિયન કે સાગર થર્ડ જેન્ડર હોય તેવું કદી સાંભળ્યું છે?

સંવાદ,વિવાદ,વાદ,ફરિયાદ, વિષાદ,આનંદ ને

ઘણું બધુ,

નદી કે સાગર ચીનની માફક કોમરેડ હોય તેવું કદી સાંભળ્યું છે?

સાગર ફિલ્મની હીરોની માફક પ્લે બોય ઈમેજ ધારી છે,

નદી કે સાગરના લગ્ન લવ કે એરેન્જડ હોય તેવું કદી સાંભળ્યું છે?

નદીઓ પર્વતની દહેલીજ લાંઘીને સાગરને મળવા ધસમસતી આવે,

સાગર ખાબોચિયાના સાથે સંબંધો વન નાઈટ સ્ટેન્ડ હોય કેવું કદી સાંભળ્યું છે?

ભરત વૈષ્ણવ

અમરનાથ યાત્રામાં આતંકીઓના કોઈ ષડયંત્ર સફળ નહીં થાય: એન્ટી ડ્રોન સિસ્ટમ લાગુ થશે

જમ્મુ,તા.૩૦

હિન્દુઓની પવિત્ર અમરનાથ યાત્રાને નિશાન બનાવવાના ત્રાસવાદીઓના એક પણ પ્રયાસો સફળ ન થઈ શકે તે માટે સુરક્ષાદળો દ્વારા આ વખતે ખાસ એકશન પ્લાન અમલી બનાવવામાં આવશે. ડ્રોન હુમલો પણ થઈ શકે તે માટે એન્ટી-ડ્રોન સીસ્ટમ લાગુ પાડવામાં આવશે. અમરનાથ યાત્રા પર ત્રાટકવા ત્રાસવાદીઓ ષડયંત્ર ઘડી રહ્યાની ગુપ્તચર બાતમી વચ્ચે સુરક્ષાતંત્રે યાત્રા દરમ્યાન એન્ટી-ડ્રોન સુરક્ષા સીસ્ટમ તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. અમરનાથ યાત્રાના બાલતાલ તથા પહેલગામના બન્ને રૂટ પર આ સીસ્ટમ મુકવામાં આવશે. ૩૦ જૂનથી શરૂ થનારી અમરનાથ યાત્રા માટે અત્યારથી જ સુરક્ષા તૈયારી શરુ કરી દેવામાં આવી છે.

પરમાત્માએ ફક્ત મનુષ્યને જ બુદ્ધિ-શક્તિ આપી છે.

મહાભારતના શાંતિપર્વમાં એક કથા આવે છે.જંગલમાં કુટીયા બનાવી એક મહાત્મા રહેતા હતા.એક વખત તે ધ્યાનમાં બેઠેલા હતા ત્યારે એક ઉંદર આવી તેમની ગોદમાં ભરાયો.ઉંદરની પાછળ બિલાડી પડી હતી. મહાત્માને દયા આવી તો તેમણે ઉંદરને કહ્યું કે તું મારી ગોદમાં છે એટલે તને કોઈ મારી નહિ શકે.તું જે માંગીશ તે હું તને આપીશ.બોલ તારે શું થવું છે? તું કહે તે પ્રમાણે તને બનાવી દઉં.ઉંદરની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું કે આ બિલાડી બહુ સુખ ભોગવે છે.હું બિલાડી બની જાઉં તો પછી તેની બીક રહે નહિ એટલે તેણે મહાત્માને કહ્યું મને બિલાડી બનાવી દો.મહાત્મા એ કહ્યું તથાસ્તુ..

એક દિવસ તે બિલાડીની પાછળ કૂતરો પડ્યો.બિલાડી રડતી રડતી મહાત્મા પાસે આવીને કહે છે કે મને ખાતરી થઈ કે બિલાડી થવામાં સુખ નથી તેથી તમે મને કૂતરો બનાવી દો.મહાત્માએ કહ્યું તથાસ્તુ.થોડા દિવસ સુખ જેવું લાગ્યું પણ એક દિવસ જંગલમાં કુતરાની પાછળ વાઘ પડ્યો.કુતરાએ વિચાર્યું આના કરતા વાઘ થવું સારૂં એટલે ફરી રડતો રડતો મહાત્મા પાસે ગયો અને કહે છે કે મને વાઘ બનાવી દો.મહાત્મા એ કહ્યું તથાસ્તુ.. વાઘ થયા પછી તેની બુદ્ધિ બગડી ગઈ.હિંસા કરતાં કરતાં તેની હિંસક વૃત્તિ જાગૃત થઈ ગઈ તેથી તેને વિચાર્યું કે જો આ મહાત્મા કોઈ દિવસ નારાજ થશે તો પાછો મને ઉંદર બનાવી દેશે માટે ચાલ આજે તો મહારાજને જ પતાવી દઉં એટલે પછી હું કાયમનો વાઘ રહી શકીશ. મહાત્મા કહે અચ્છા બેટા.. તું મને ખાવા આવ્યો છે? તું ઉંદર હતો એ જ સારૂં હતું. મહાત્માએ તેને પાછો ઉંદર બનાવી દીધો. જરા વિચાર કરો આ ઉંદર-બિલાડીની કથા નથી.આ આપણી જ કથા છે.આ જીવ એક વખત ઉંદર હતો, એક વખત બિલાડી હતો,એક વખત કૂતરો કે પછી વાઘ હતો. માનવજીવન મળ્યા પછી તે ક્યારેક ક્યારેક વિવિધ પશુઓની જેવું જ વર્તન કરે છે.તે બતાવે છે કે તે એક વખત આવો પશુ હતો. આ જીવની પાછળ કાળ પડ્યો છે.કાળ જીવને વારંવાર કચડે છે, અનેક યોનિઓમાં જીવ રખડતો રખડતો છેવટે તે પ્રભુની ગોદમાં જાય છે.પ્રભુ કૃપા કરી જીવને મનુષ્ય બનાવ્યો.પવિત્ર વિચાર કરવા મન-બુદ્ધિ આપ્યા છે કે જેથી તે કાળ અને કામ પર વિજય મેળવી શકે.પ્રભુએ વિચાર્યું કે તે કાળ પર વિજય મેળવી મારી શરણમાં આવશે પણ મા-નવ માનવ થયા પછી કુસંસ્કાર અને કુસંગથી એવો બગડે છે તે વાઘ બની જાય છે કે જેણે તેને બનાવ્યો તેને જ તે માનતો નથી અને કહે છે કે હું ઈશ્વરમાં માનતો નથી. ભગવાન તે વખતે વિચારે છે કે બેટા તું ક્યાં જઈશ? હું તને ફરીથી ઉંદર બનાવી દઈશ. પરમાત્માએ ફક્ત મનુષ્યને જ બુદ્ધિ-શક્તિ આપી છે.પશુને પોતાના સ્વરૂપનું ભાન નથી.ત્રણ વર્ષ પછી તો તે ભૂલી જાય છે કે આ મારી મા છે કે આ મારો બાપ છે.જેને પોતાના સ્વરૂપનું ભાન નથી તે આત્મ સ્વરૂપને ક્યાંથી જાણી શકે? આ મનુષ્ય જન્મ તેની પાસે બુદ્ધિ હોવાથી જો તે ઈશ્વરને ઓળખવાનો, ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન ના કરે તો ચોરાશી લાખના ચક્કરમાં તે ફરે છે. તે ફરી ફરી સંસારમાં રખડે છે.જન્મ-મરણનું દુ:ખ ભોગવે છે અને આ દુ:ખ છે ત્યાં સુધી તે જીવને શાંતિ પ્રાપ્ત થતી નથી.

વિનોદભાઇ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા,પંચમહાલ

ગુજરાત ગૌરવ દિવસે 'ગાશે ગુજરાત પાટણ ગાન' સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થશે

પાટણ ખાતે યોજાઇ રહેલા ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી પ્રસંગે પાટણને ગૌરવ ગાનથી નાગરિકો પરીચીત થાય તે માટે વહીવટીતંત્ર દ્વારા ૦૧ મે રવિવારના રોજ સાંજે ૦૭-૩૦ કલાકે યુનિવર્સીટી સ્પોર્ટસ ગ્રાઉન્ડ પાટણ ખાતે સાંસ્કૃતિક કાર્યક્મોનું આયોજન કરાયું છે. પદ્મશ્રી વિષ્ણું પંડ્યા લિખિત 'ગાશે ગુજરાત પાટણ ગાન' માં પાટણની પ્રભુતા ઉજાગર થશે. આ સંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાત તેમજ પાટણની યશગાથા વર્ણવામાં આવશે ગુજરાતની યશગાથા વર્ણવતા ગીતો ને વિવિધ નૃત્ય સ્વરૂપે ગુજરાતના ૧૭૫ જેટલા પ્રસિધ્ધ કલાકારો દ્વારા મંચ પર રજૂ કરવામાં આવશે. પાટણના સ્થાનિક ઇતિહાસ અને પાટણ ની પ્રભુતાને આ કાર્યક્રમમાં સુંદર રીતે વર્ણવવામાં આવશે. આઝાદીના અમૃત મહોત્સવને અનુલક્ષીને સ્વાતંત્ર્ય સમરના મહા- નાયકો ની વંદના કરવામાં આવશે. 'ગાશે ગુજરાત પાટણ ગાન' કાર્યક્રમમાં પાટણ, પાલનપુર, ભૂજ, ભાવનગર, ગાંધીનગર અને અમદાવાદના કલાકારો પોતાની કલાના ઓજસ પાથરશે.

પોલીસ દ્વારા દિલધડક કરતબોનું આયોજન

પાટણ કોલેજ ગ્રાઉન્ડ ખાતે પોલીસ પરેડ નિરીક્ષણ સહિત વિવિધ કાર્યક્મોનું આયોજન કરવામાં આવ્યુ છે. ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીમાં પોલીસ વિભાગ પણ સહભાગી બન્યો છે. નાગરિકોનો ઉત્સાહ જળવાઇ રહે તે માટે તેમજ પોલીસની વિવિધ કામગીરીથી નાગરિકોઅવગત થાય તે હેતુથી પોલીસ દ્વારા વિવિધ કાર્યક્મોનું આયોજન કરાયુ

રોગ અનુસાર દેશી ગાયના ઘીનો ઉપયોગ

દેશી ગાયના ઘીના વિવિધ ઉપયોગ પ્રાચીન સમયથી દર્શાવવામાં આવ્યા છે. જ્યાં કદાચ એલોપેથી દવાનો ઉપયોગ પણ નિષ્ફળ નીવડે ત્યાં દેશી ગાયનું ઘી અવશ્ય કામ કરે છે અને રોગનું ચોક્કસ નિદાન કરે છે. ગાયનું ઘી નાકમાં નાખવાથી ગાંડપણ દૂર થાય છે તેમેજ કોઈપણ પ્રકારની એલર્જી પણ દૂર કરી શકે છે.ગાયના ઘીને નાકમાં નાખવાથી લકવા રોગનું નિદાન થાય છે. ૨૦ થી ૨૫ ગ્રામ ગાયના ઘી સાથે સાકર મિશ્ર કરીને લેવાથી દારૂ, ભાંગ કે અન્ય કોઈપણ નશા છોડાવી શકાય છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી કાનના પડદા ઓપરેશન વગર ઠીક કરી શકે છે. ગાયના ઘીને નાકમાં નાખવાથી દિમાગ તરોતાજા રહે છે. કોમામાં રહેલી વ્યક્તિના નાકમાં ઘી નાખવાથી તેની ચેતના પાછી આવે છે. હાથ અને પગમાં જો બળતરા થતી હોય તો ગાયનું ઘી પગના તળિયા પર ઘસવું અસરકારક બને છે. જો એડકી સતત આવતી હોય તો અડધી ચમચી ગાયનું ઘી લેવાથી એડકી બંધ થઈ જશે.ગાયનું ઘી દરરોજ લેવાથી કબજિયાત અને એસિડિટીની સમસ્યા નિવારી શકે છે. ગાયનું ઘી શક્તિ અને વીર્ય વધારે છે તેમજ શારીરિક અને માનસિક શક્તિમાં પણ વધારો કરે છે. ગાયના ઘીને બાળકોની છાતી અને પીઠ પર માલિશ કરવાથી કફની સમસ્યા દૂર થાય છે. જો વધારે અશક્તિ લગતી હોય તો એક ગ્લાસ દૂધમાં એક ચમચી ગાયનું ઘી અને સાકર નાખીને પીવાથી રાહત મળે છે. ગાયના ઘી દ્વારા શરીરમાં કેન્સરના કોષ જન્મતા અટકે છે આ ઉપરાંત શરીરમાં કેન્સરને ફેલાતું અટકાવે છે. જે વ્યક્તિને હૃદય રોગની તકલીફ હોય અને તેલવાળું ખાવાની મનાઈ હોય એ વ્યક્તિ દ્વારા ગાયના ઘીના સેવનથી હૃદય મજબૂત થાય છે. દેશી ગાયના સેવનથી આંતરડા અને સ્તનના કેન્સરથી બચી શકાય છે. ગાયનું ઘી,છાલ સાથે પીસેલ કાળા ચણા તેમજ દળેલી ખાંડને મિશ્ર કરીને લાડુ બનાવી,દરરોજ સવારે એકદમ ચાવીને તેમજ હુંફાળું ગરમ દૂધ લેવાથી સ્ત્રી રોગમાં રાહત મળે છે તેમજ પરુષોનું શરીર બળવાન બને છે. ગાયનું ઘી વજન સંતુલિત રાખવામાં મદદરૂપ થાય છે,ઉપરાંત કોલેસ્ટ્રોલ પણ નિયંત્રણમાં રહે છે. સવારના સમયમાં ગાયનું ઘી નાકમાં નાખવાથી માઈગ્રેનની સમસ્યા દૂર કરી શકાય છે. માથું દુખવાને કારણે શરીરમાં ગરમી થતી હોય છે,ગાય ના ઘીને પગના તળિયે ઘસવાથી માથાના દુખાવામાં રાહત થાય છે. ઠંડા પાણીમાં ગાયનું ઘી નાંખીને ઘીને પાણીથી અલગ કરવું, આ પ્રક્રિયા લગભગ ૧૦૦ વાર કરવી. ત્યારબાદ તેમાં થોડું કપૂર નાખવું. આ પ્રક્રિયા દ્વારા પ્રાપ્ત થતું ઘી એક ઔષધિ બનશે જે ચામડીના રોગ માટે અતિ અસરકારક છે. આ મિશ્રણ સોરાઈસીસ માટે પણ અસરકારક છે. જો ગાયના ઘીની થોડીક બૂંદ દિવસ દરમ્યાન નાકમાં નાખવામાં આવે તો શરીરના ત્રિદોષ એટલે કે વાત્ત,પિત્ત અને કફને નિયંત્રણમાં લાવી શકાય છે.

વંદે ગૌ માતરમ

મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯)

જિજ્ઞેશ મેવાણીની ધરપકડ મામલે કોર્ટે આસામ પોલીસની ઝાટકણી કાઢી

ગાંધીનગર,તા.૩૦

વડગામના ધારાસભ્ય અને પ્રસિદ્ધ યુવાનેતા જિજ્ઞેશ મેવાણીની મહિલા કોન્સ્ટેબલ પર હુમલાના બનાવટી કેસમાં ધરપકડ કરવા બદલ અદાલતે આસામ પોલીસની આલોચના કરી છે. આસામની બારપેટા અદાલતના ન્યાયાધીશે મેવાણીને જામીન આપતાં કહ્યું કે ગુવાહાટી હાઈકોર્ટે આસામ પોલીસને બોડી કેમેરા પહેરાવવો જોઈએ ઉપરાંત વાહનોમાં સીસી ટીવી કેમેરા લગાવવા જોઈએ જેથી આરોપીની ધરપકડ કરી શકાય અને ઘટનાઓના ક્રમને રેકોર્ડ કરી શકાય.

આપણી મહેનતથી પ્રાપ્ત કરેલા લોકતંત્રને પોલીસ રાજ્યમાં બદલવું અકલ્પનીય છે. મહિલા કોન્સ્ટેબલે એફઆઈઆરમાં જે જણાવ્યું છે તેના કરતાં વિપરીત સ્ટેટમેન્ટ મેજિસ્ટ્રેટ સમક્ષ આપ્યું છે આથી સ્પષ્ટ થઈ જાય છે કે તેમનો ઉદ્દેશ આરોપી જિજ્ઞેશને લાંબા સમય સુધી હિરાસતમાં રાખવાનો છે. આ બાબત અદાલતી પ્રક્રિયા અને કાનૂનનો દુરૂપયોગ છે. જો આવું જ થશે તો અપરાધિક ન્યાયશાસ્ત્ર ફરીથી લખવાની ફરજ પડશે. આસામમાં ભાજપ સત્તામાં છે. જિજ્ઞેશ મેવાણીનો આક્ષેપ છે કે પી.એમ. મોદી વિરુદ્ધ ટ્વીટ કરવા બદલ તેમની ધરપકડ અને મહિલા કોન્સ્ટેબલે કરેલી કથિત હુમલાની ફરિયાદ પાછળ ભાજપનો જ હાથ છે. અદાલતે પણ આ મામલાને બનાવટી માની લીધોછે. મેવાણીએ કહ્યુંકેસત્તારુઢ ભાજપે એક મહિલાનો ઉપયોગ કરી ખોટો કેસ દર્જ કરવાનું કાયરતાપૂર્ણ કૃત્ય કર્યું છે. મૈં ઝુકેગા નહીં.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS No : 0082

વિષય : બિંદાસ ,અલ્લડ ,અને બેફિકર,
પ્રકાર : ગદ્ય ,
શીર્ષક : જીવનના અંતરંગ ,

ઘણી બધી જીવનમાં કુત્રિમ કે ઉદભવેલ હરેક પ્રકારની આકસ્મિક સમસ્યાઓમાં મનથી હળવાશ પૂર્વક સમાધાન કરી સ્વભાવને અનુરૂપ દૂર કરવી પડે છે ,
"બિંદાસ "નો મતલબ આવી પડેલ આપત્તિ અને વિટંબણાને ખૂબજ ધૈર્ય અને સંયમથી ઉકેલવી , ધૈર્ય , સંયમ, અને માનસિક સમતુલા જાળવી બેફિકર બની
સચોટ માર્ગમાં અગ્રેસર થઇ તેને હલ કરવી એજ મનુષ્યની ચતુરાઈ છે ,
હાલના ઋતુ ચક્ર , સામાજિક
અસમતુલા , વ્યવહારિક જીવનની વિટંબણાઓ , અને પ્રતિકૂળ સંજોગોમા બિંદાસ
નિર્ણય શક્તિમા ચાણક્ય નીતિ
અપનાવી સમયને અનુરૂપ વ્યવહારિક લેણદેણ પૂર્ણ કરવી જોઈએ ,
મનુષ્ય ક્યારેય પૂર્ણ થઈ શકતો નથી , અધુરી એષણા , ઉદ્વેગ,
ચિંતાઓ , સ્વભાવગત હાલક ડોલક નીતિઓ અને અધીરાઇ નો અભાવ આ એક માનસિક મનુષ્યની વિકૃતિ છે ,
જીવનની નૈયાને બેલેન્સ કરીને
બિંદાસ અને બેફિકર થઇને જીવવાથી મહત્તમ આધી,વ્યાધિ ઉપાધિ સરળતાથી દુર થાય છે,

મસ્ત ફકીર બન કે મે ચલા આશિયનેમે,
ગુજર જાયેગા યે બુરા વક્ત
બેફિકર બનકે.

ડો અનિરુદ્ધ વ્યાસ,નડિયાદ

NOS SS No :-0038

વિષય :-બિન્દાસ
વિભાગ :-પદ્ય
શીર્ષક :-સારથી

દર્શન તારા કરું રોજ વહેલા ઉઠી,
તારા વિના ના રહું એકઘડી કદી,
છે તું આ સૃષ્ટિ ચલાવનાર સારથી,
બેસું તારા રથમાં હું બિન્દાસથી.
પલ પલ રહેજે મારો સહારો બની તું,
ના ભૂલું સચ્ચાઈ નો પથ કદી.
મોહ માયાના બંધન છોડાવજે,
હસતો રહું સદા તારો બાળ બની.
હાથ મૂકી શિર ઉપર સહારો આપજે,
ભવપાર ઉતરી જાવ હું બિન્દાસથી.

??શીલાપટેલ "આકાંક્ષા"

NOG SS No.0059

વિષયઃ બિન્દાસ
પ્રકાર : ગદ્ય- લેખ.
શીર્ષકઃ ગણત્રીબાઝ -અલ્લડ !
શબ્દો- ૩૫૦.
નામઃ જયકાન્ત ઘેલાણી, 'પ્યારે'

ગુજરાતી અમૂક શબ્દો અર્થ સુચકછે ,જેમકે ત્રાડ શબ્દ જંગલના રાજા સિંહની ગર્જના ની યાદ અપાવેછે, તો બિન્દાસ
શબ્દ અલ્લડ- અલગ વ્યકિતત્વ તરફ આંગળી બતાવેછે.
જગતમાં અમુક લોકો,ગામ -નગરની,આગવી ઓળખથી ઓળખાયાં, તો કેટલાંક લોકો પોતાના અલગ-અકલ્પનિય- અક્કડ વલણથી કે ભાષાથી પરિચિત બની જતાં હોય છે. જે તેમની આગવી ઓળખ બની જતી હોય છે. જેમકે સુરતનો વતની કે અમદાવાદનો વતની ત્યાંના રહેવાસી-બોલીથી અનોખી છાપ ઊભી કરી જતાં હોય છે. જ્યારે તમારે તમારી વિશિષ્ટ ઓળખ ઊભી કરવી હોય કે સામાજિક સુધારો કરવાની ઈરછા પૂર્ણ કરવી હોય તો તમારે સમય- ધન દોલત , પારિવારિક કે સામાજિક સંબધો સાથે મોટેપાયે બાંધછોડ કરવી પડે છે.
ામઠી ભાષામાં આવા લોકોને અલ્લડ સ્વભાવના માને છે, તો શહેરી ભાષામાં તેઓ 'બિન્દાસ'નુ શીર્ષક મેળવવાં નસીબદાર બનતાંહોય છે.
આપણી માતૃભાષા, ગુજરાતી ભાષાની સત્યને ઉજાગર કરતી ઘણીજ સુંદર કહેવત છે કે,
'સિંહ ના ટોળાં ન હોય '
એટલે કે જે કોઈ પરિવારમાં , સમાજમા, દેશમાં કે વિશ્વમાં પરિવર્તન કરવાં, ચીલો ચાતરવાં ઈરછતાં હોય, તેનાં ટોળાં ન હોય અને તે ટોળાંમાં પણ ન હોય !
તે અચૂક સુધારાવાદી હોય, સત્યને પંથે ચાલનારાં હોય.તેવી વ્યક્તિ , કોઈ પણ જાતનાં ભય કે શેહ-શરમ રાખ્યાં સિવાય સ્વની આગવી ઓળખ ઊભી કરે છે, તે મરજીવો, સમાજમાં ક્રાંતિ લાવવા ઈરછતો હોય છે .
જે પોતાનાં નિર્ણય ને વળગી રહેનાર,નૈતિક ફરજને નિભાવનારો હોય છે.
હા, સમાજમાં, તે વ્યકિત વિવિધ નામે મશહૂર હોય છે અથવા તેને માટે વિવિધ વિશેષણો વપરાતાં હોય છે,
જેમ કે, કંજૂસ, વેદિયો-અલ્લડ, કૂપમંડુપ ,પાગલ ,કે પછી તેને ગણત્રીબાજ અથવા 'બિન્દાસ'! જો કે આવાં તુચ્છ વિશેષણોની પ્રાપ્તિ માટે તેણે, પરિવાર, સમાજ, સાથે પોતાની ઈજ્જત પણ દાવમાં મૂકેલી હોય છે જેની સમાજ કદી કદર કરતો નથી.
'બિન્દાસ'નું સર્ટિફિકેટ કાંઈ વારસાગત સંપત્તિ નથી, પણ તે મેળવતાં પહેલાં ઘણાં સંબંધોનો છેદ ઉડાડવો પડેછે, જેમાં કોઈ વખત મિત્રતાનાં સંબંધનો પણ ભોગ ધરવો પડતો હોય છે .
ટૂંકમાં, બિન્દાસ બનવા માટે તમારે સામા, વહેણે તરી, કાંઠે પહોંચવાનું રહે છે.
આ વાત સમજવા નાનું પધ્ય ઘણું સમજાવી જાયછે.
રીત-રિવાજને રૂઢિ છોડી,
મોહ માયાનાં બંધન કાપી,
સ્થિતપ્રજ્ઞતાનો ભાવ સંભાળે
'પ્યારે'તે જ સાચો 'બિન્દાસ'.

કચ્છ બાદ હવે અમદાવાદમાંથી એમડી ડ્રગ્સ ઝડપાયું

અમદાવાદ,તા.૩૦

રાજયમાં અવાર-નવાર ડ્રગ્સ સાથે વ્યક્તિઓ પકડાતા રહે છે. ત્યારે ફરી એક વખત અમદાવાદમાંથી ૩ ઈસમો ડ્રગ્સ સાથે પકડાયા છે. આ સાથે ક્રાઈમ બ્રાન્ચે ૩ આરોપીની ધરપકડ કરી છે. આ સાથે સ્ફ ડ્રગ્સનો જથ્થા સાથે ૯ લાખ ૮૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા ૨૩.૩૭ લાખના પકડાયેલ ડ્રગ્સ પ્રકરણમાં જૂનાગઢ એસઓજીએ વધુ ૨ આરોપીને રાજસ્થાનથી દબોચી લીધા છે. આ અંગે મળતી વિગત મુજબ દોલતપરાની કસ્તુરબા સોસાયટી પાસે રહેતા હરેશ ભૂપતભાઇ વદરને એલસીબીએ ૨૩.૩૭ લાખના મેફ્ડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી લીધો હતો. બાદમાં આ મામલે એસઓજી પીઆઇ એ.એમ. ગોહિલેને તપાસ સોંપાઇ હતી. તપાસ દરમિયાન આરોપીની પૂછપરછ કરતા આ ગુનામાં રાજસ્થાનના વધુ ૨ શખ્સોની સંડોવણી હોવાનું ખુલવા પામ્યું હતું. બાદમાં એસઓજી પીઆઇ એ.એમ. ગોહિલ, પીએસઆઇ જે.એમ. વાળા, વાયરલેસ પીએસઆઇ એમ.જે. કોડિયાતર તેમજ સ્ટાફે રાજસ્થાન તરફ તપાસ હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લામાં આવેલ કામકાજના સ્થળોએ મહિલાઓની જાતીય સતામણી નિવારવા માટે

આંતરીક સમીતીની રચના કરવા અરવલ્લી જીલ્લા કલેક્ટરશ્રી દ્વારા પરીપત્ર કરી લાગતા વળગતા તમામ વિભાગોને સુચના આપવામાં આવી

અરવલ્લી બ્યુરો સમાચાર)

મહિલા સશક્તિકરણના કારણે વધુંમાં વધું મહિલાઓ નોકરી અને વ્યવસાયના જુદા જુદા ક્ષેત્રોમાં નોધનીય સંખ્યામાં જોડાઇ છે. પરંતુ મહિલાઓના નોકરી અને વ્યવસાયના કામકાજના સ્થળે તેઓ નિર્ભયતાથી, કોઇ પણ જાતના ડર કે જાતિય સતામણી વગર પોતનુ કાર્ય કરી શકે તે માટે કામકાજના સ્થળે જાતીય સતામણી નિવારણ અધિનીયમ – ૨૦૧૩ અસ્તિત્વમાં છે. જે કાયદા અંતર્ગત કામકાજનું સ્થળ એટલે (૧) કોઇપણ વિભાગ/ખાતું, સંગઠન, ઉપક્રમ, ઉધોગસાહસ, સંસ્થા, કચેરી વગેરે જેવી શાખા અથવા એકમ, જેની સ્થાપના, માલિક, નિયંત્રણ સંપુર્ણપણે કે આંશિક, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેની નાણા વ્યવસ્થા યોગ્ય સરકાર અથવા સ્થાનિક, સતાતંત્ર, સરકારી કંપની અથવા નિગમ અથવા સહકારી મંડળી દ્વારા કરવામાં આવી હોય.

(૨) કોઇપણ ખાનગી ક્ષેત્ર, સંગઠન અથવા ખાનગી સાહસ, ઉપક્રમ ઉધોગસાહસ, સંસ્થા, ટ્રસ્ટ, બિનસરકારી સંગઠન, એકમ અથવા વાણિજિયક રીતે, વ્યવસાયિક રીતે, ધંધાદારી રીતે, શૈક્ષણિક રીતે, મનોરંજન, આરોગ્ય સેવાઓ, ઉત્પાદન, પુરવઠો, વેચાણ, વિતરણ વગેરે સહિત નાણાંકીય પ્રાવૃતિઓ દ્વારા સેવાઓ પૂરી પાડનાર સર્વિસ પ્રોવાઇડર.

(૩) હોસ્પિટલો અથવા નર્સિંગહોમ

(૪) નિવાસી કે તાલીમ, ખેલકૂદ અથવા તેને લગતી પ્રવૃતિઓ માટે ઉપયોગમાં લેવાતી હોય કે ન લેવાતી હોય એવી કોઇપણ, ખેલકૂદ સંસ્થા, સ્ટેડિયમ, રમતગમત સંકુલ અથવા રમતગમતનું સ્થળ.

(૫) નિયોક્ત દ્વારા પુરી પાડવામાં આવતી પરિવહન સેવાઓ, રોજગારને કારણે અથવા આવી મુસાફરી કરવા માટે રોજગારના સમય દરમ્યાન નિયોક્તા દ્વારા મુલાકાત લેવામાં આવતી હોય એવું કોઇપણ સ્થળ.

આવા ઉપર જણાવ્યા મુજબના સ્થળો કે જ્યાં ૧૧ થી વધુ કર્મચારીઓ/કામદારો હોય તેવી જગ્યાઓએ મહિલા કર્મચારીઓ/કામદારોની જાતીય સતામણી સામે રક્ષણ માટે " આંતરીક સમીતી " ની રચના કરવી ફરજીયાત છે.

આંતરિક સમિતિની રચના કેવી રીતે કરવી ?

(૧) કામકાજના સ્થળના દરેક નિયોક્તાએ લેખિતમાં આદેશ આપીને "આંતરિક સમિતિ" તરીકે ઓળખાતી એક આંતરિક સમિતિની રચના કરવાની રહેશે.

પરંતુ, કામકાજનાં સ્થળોની કચેરીઓ અથવા વહીવટી એકમો જુદી જુદી જગ્યાએ અથવા વિભાગ અથવા પેટા વિભાગ સ્તરે આવેલાં હોય ત્યાં તમામ વહીવટી એકમો અથવા કચેરીઓ ખાતે આંતરિક સમિતિની રચના કરવાની રહેશે.

(૨) આ આંતરિક સમિતિ નિયોક્તા દ્વારા નિમવાના નીચેના સભ્યોની બનેલી હશે. એટલે કે :-

(ક) એક પ્રમુખ અધિકારી, જે કામકાજના સ્થળે કામદારોમાંવરિષ્ઠ કક્ષા/ સ્તરે નિમાયેલા મહિલા કામદાર હશે.

પરંતુ, વરિષ્ઠ કક્ષા/સ્તરે નિમાયેલા મહિલા કામદાર ઉપલબ્ધ ન હોય એવા કિસ્સામાં, અન્ય કચેરીઓમાંથી અથવા પેટા ઉપરોક્ત (૧) માં નિર્દિષ્ટ કરેલા કામકાજના સ્થળના વહીવટી એકમોમાંથી આ પ્રમુખ અધિકારીની નિયુક્તિ કરવાની રહેશે.વધુમાં અન્ય કચેરીઓ અથવા કામકાજના સ્થળના વહીવટી એકમોમાં વરિષ્ઠ કક્ષા/ સ્તરે નિમાયેલા મહિલા કામદાર ઉપલબ્ધ ન હોય એવા કિસ્સામાં, તે જે નિયોક્તા અથવા કોઇ અન્ય કામકાજના સ્થળ અથવા અન્ય વિભાગ/ખાતા અથવા સંગઠનમાંથી આ પ્રમુખ અધિકારીની નિયુક્તિ કરવાની રહેશે.

(ખ) કામદારો પૈકી ખાસ કરીને, મહિલાના ઉદ્દેશ્યો માટે કટિબધ્ધ અથવા જેઓ સામાજિક કાર્યનો અનુભવ અથવા કનૂની જાણકારી ધરાવતા હોય એવા બે થી ઓછા સભ્યો ન હોવા જોઇએ.

(ગ) એક સભ્ય, મહિલા ઉદ્દેશ્યો માટે કટિબધ્ધ બિનસરકારી સંગઠનો મંડળોમાંથી અથવા જાતિય સતામણીની સમસ્યાઓથી પરિચિત હોવો જોઇએ.

પરંતુ,આ રીતે નિયુક્ત કરેલા કુલ સભ્યોના ઓછમાં ઓછા અર્ધા સભ્યો મહિલાઓ હોવા જોઇએ.

(૩) પ્રમુખ અધિકારી અને આંતરિક સમિતિના દરેક સભ્યો, નિયોક્તા દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે એ મુજબ, તેમની નામનિયુક્તિની તારીખથી ત્રણ વર્ષથી વધુ નહીં એટલી મુદ્દત સુધી આ પદ ધારણ કરશે.

(૪) બિનસરકારી સંગઠનો અથવા મંડળોમાંથી નિમાયેલ સભ્ય આંતરિક સમિતિની બેઠકો માટે નિયોક્તા દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે એ મુજબની ફી અથવા ભથ્થા મેળવશે.(આ સાથે સામેલ કાયદામાં જણાવેલ જોગવાઇઓ મુજબ) કામકાજના સ્થળે જાતીય સતામણી નિવારણ અધિનીયમ – ૨૦૧૩ અધિનિયમની જોગવાઇઓનું ઉલ્લંઘન કરવા બદલ અધિનિયમની કલમ ૨૬(ગ) મુજબ રૂ.૫૦,૦૦૦/- સુધીનો દંડ થઇ શકે છે.

અરવલ્લી જીલ્લામાં આવેલ ઉપર જણાવ્યા મુજબના તમામ કામકાજના સ્થળોએ મહિલાઓની જાતીય સતામણી નિવારવા માટે આંતરીક સમીતીની રચના કરવા અરવલ્લી જીલ્લા કલેક્ટરશ્રી દ્વારા પરીપત્ર કરી લાગતા વળગતા તમામ વિભાગોને સુચના આપવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મહિલા રેસિડેન્ટ ડોક્ટરે આત્મહત્યા કરી લેતા ચકચાર

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મહિલા રેસિડેન્ટ ડોક્ટરે આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. એમબીબીએસ થર્ડ યરમાં અભ્યાસ કરી યુવતીએ આત્મહત્યાનો રસ્તો અપનાવ્યો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની હોસ્ટેલની છત પરથી પડતું મૂકી વિદ્યાર્થીનીએ મોત વ્હાલુ કર્યુ હતું. ત્યારે ગાંધીનગર સેક્ટર ૭ પોલીસ ઘટના સ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આસ્થા પંચાસરા નામની વિદ્યાર્થીની સેકન્ડ યરમાં એમબીબીએસમાં અભ્યાસ કરતી હતી. તેણે એનઆરઆઈ સ્ટુડન્ટ તરીકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એડમિશન મેળ્યુ હતું. આજે વહેલી સવારે આસ્થા પંચાસરાએ સિવિલ હોસ્પિટલની છત પર જઈને પડતુ મૂકીને આત્મહત્યા કરી હતી. તેની આત્મહત્યાથી તમામ વિદ્યાર્થીઓમાં શોકનો માહોલ ફેલાયો છે. આ ઘટનાની જાણ થતા જ અહી રહેતા તેના દાદા-દાદી અને કાકા-કાકી તાત્કાલિક હોસ્પિટલમાં દોડી આવ્યા હતા, દીકરીનો મૃતદેહ જોઈ તેઓએ આક્રંદ કર્યુ હતું.

આ વિશે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડીન ડો.શોભનાબેન ગુપ્તાએ જણાવ્યું કે, આસ્થા પંચાસરાનું યુએઈનુ એડમિશન છે અને એનઆરઆઈ સ્ટુડન્ટ તરીકે એડમિશન લીધુ હતું. લોકલ ગાર્ડિયન તરીકે તેના દાદા-દાદી અને કાકા-કાકી અહી રહે છે. તેઓ અવારનવાર તેને અહી મળવા આવતા હતા. તેના દાદા આસ્થા માટે રોજ મળવા અને તેના માટે ખાવાનું લઈને આવતા હતા, ગઈકાલે પણ તેના દાદા તેને મળવા આવ્યા હતા.

ત્યારે આસ્થાએ દાદાને પેપર બગડવાની વાત કરી હતી. ત્યારે પણ તેના દાદાએ તેને સાંત્વના આપી હતી કે, 'ચિંતા ન કરતી.

આપણે ફરી પરીક્ષા આપીશું.' પોલીસે સ્યૂસાઈડ નોટ મેળવીને તપાસ આગળ વધારી છે. આસ્થાની આત્મહત્યા બાદ અમે તેના વાલીને તેનો રૂમ પણ બતાવ્યો હતો. અન્ય વિદ્યાર્થીઓ સાથે પૂછપરછ કરતા જાણવા મળ્યુ કે, આસ્થાનું પેપર બગડ્યુ હતું. તેથી તેણે આ કારણથી પણ આત્મહત્યા કરી હોઈ શકે છે. ઘટના સ્થળ પરથી ગાંધીનગર પોલીસને સુસાઈડ નોટ મળી આવી છે, જેને પોલીસે તપાસ માટે મેળવી છે.

ખેતરમાં ઘઉં વાઢવાં જતી ૫૦ વર્ષની ૭ બાળકોની

માતાને ૨૦ વર્ષના યુવક સાથે પ્રેમ થઇ જતા, બંને પ્રેમમાં અંધ બની ગયા.

ના ઉમ્ર કી હો સિમા..ના જન્મ કા હો બંધન..જબ પ્યાર કરે કોઇ તો દેખે કેવલ મન..

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

કહેવાય છેને કે પ્રેમની કોઈ ઉંમર નથી હોતી પ્રેમ કોઈની સાથે અને ક્યારેય થઈ જાય છે. પ્રેમમાં નથી તો ઉંમર જોવાતી કે નથી તો રંગ રૂપ જોવાતું. આજે આવી જ એક ઘટના મધ્યપ્રદેશના છત્તરપૂરથી સામે આવી છે. જયા એક ૫૦ વર્ષની ૭ બાળકોની માતાને ૨૦ વર્ષના યુવાન સાથે પ્રેમ થઈ જતા આખા પંથકમાં ચકચાર મચી ગયો હતો. એટલું જ નહિ ૫૦ વર્ષની મહિલાએ ૨૦ વર્ષના યુવકની સાથે પ્રેમ થઈ જતા બંનેએ કોઈની ચિંતા કર્યા વગર પ્રેમ લગ્ન કરી લીધા. સૌથી નવાઈની વાત તો એ છે કે મહિલાના દીકરાની ઉંમર ૩૧ વર્ષ છે. આ ૭ બાળકોનું માતા ખેતરમાં ઘઉં વાઢવા માટે ગઈ હતી. ત્યાં તેની સાથે એક ૨૦ વર્ષનો મહેશ નામનો યુવક પણ ખેતરમાં ઘઉં વાઢવા માટે આવ્યો હતો.ત્યાં ખેતરમાં ઘઉં વાઢતા વાઢતા ૭ બાળકોની માતાને ૨૦ વર્ષના મહેશ સાથે પ્રેમ થઈ ગયો અને ફક્ત ૭ દિવસમાં જ એવો પ્રેમ થઈ ગયો કે બંનેએ ઘરેથી ભાગીને પ્રેમ લગ્ન કરી લીધા. જયારે પરિવારના લોકોને આ વાતની જાણ થઈ તો આખું ગામ ચોકી ગયું કે આવો પ્રેમ. મહિલાની ૪ દીકરીઓ અને ૨ દીકરાઓ છે. તેનાથી એક દીકરાની ઉંમર ૩૧ વર્ષ છે.તે દીકરાને પણ એક સંતાન છે.

૧લી મે ગુજરાત સ્થાપના દિવસ ડાંગ સાથેના ગુજરાતની ચળવળની ઝાંખી

આહવાઃ

દેશ જ્યારે 'આઝાદીનો અમૃત મહોત્સવ' ઉજવી રહ્યો છે ત્યારે, આ મહામૂલી આઝાદી અને સ્વતંત્રતા અપાવનારા અનેક નામી-અનામી કાર્યકરો, કર્મઠ આગેવાનો, રાષ્ટ્રપ્રેમીઓના યોગદાન અને તેમણે કરેલા કાર્યોથી, આજની નવી પેઢીને વાકેફ કરી શકાય તેવા સ્તુત્ય પ્રયાસો સાથે, 'તા.૦૧લી મે - ગુજરાત સ્થાપના દિવસ' નિમેત્તે આ ખાસ અહેવાલ પ્રસ્તુત કરાયો છે.

તો આવો જાણીએ દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી છૂટા પડેલા 'ડાંગ' સાથેના મહાગુજરાત ચળવળના કેટલાક અંશો,

×ગુજરાતની અસ્મિતા× એવો પહેલ વહેલો શબ્દ પ્રયોગ કરનાર સ્વ.શ્રી કનૈયાલાલ મુનશીએ, બૃહદ મુંબઈ દ્વિભાષી રાજ્યના વિભાજન સાથે ગુજરાતમા, મહાનગર મુંબઈ પણ જોઈએ, તેવી લાગણી વ્યક્ત કરતા, ×મહાગુજરાત જનતા પરિષદ× સાથેના સૈદ્ધાંતિક વિરોધ બાદ, રાજસ્થાનની સરહદે 'આબુ' અને અહી મહારાષ્ટ્રની સરહદે 'ડાંગ' માટે પણ વિરોધ ખેંચતાણ શરૂ થયાનુ ×મહાગુજરાતની ચળવળ× મા નોંધાયુ છે.

તત્કાલિન કેન્દ્ર સરકાર, મહારાષ્ટ્ર-ગુજરાત અને મુંબઈ, એમ ત્રણ હિસ્સાના સમર્થનમા હતી. જેને કારણે મરાઠી ભાષીઓને એવુ લાગતુ હતુ કે, ગુજરાતીઓને કારણે મુંબઈને, મહારાષ્ટ્રમાંથી છીનવી લેવાશે. જેને કારણે ઊભી થયેલી ગેરમાન્યતાને કારણે સંઘર્ષ ઉગ્ર બન્યો હતો.

આ બધાની વચ્ચે ડાંગનો પ્રશ્ન પેચિદો બન્યો હતો. ડાંગની પ્રજાની બોલી 'મરાઠી' જેવી હતી. અહીના લોકોની રહેણીકરણી અને પહેરવેશ પણ મહારાષ્ટ્રીયન લોકોને મળતો આવતો હતો. જેને કારણે ભારે ખેંચતાણ વચ્ચે, પહેલા ડાંગ, અને પછી સાપુતારાને ગુજરાત સાથે રાખવા માટે, તે વખતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી, ગુજરાતની અસ્મિતાને અહી સુપેરે લાગુ કરવા માટે લોઢાના ચણા ચાવવા પડ્યા હતા. સને.૧૯૫૬ની ×મહાગુજરાત ચળવળ× અને ડાંગ સાથેના ગુજરાત રાજ્યના સ્વપ્નદ્રષ્ટા એવા, ડાંગ સ્વરાજ આશ્રમના નાયક બંધુઓ, તથા તેમના નિષ્ઠાવાન કાર્યકરોની ધારદાર રજૂઆત, અને તત્કાલિન વડાપ્રધાન શ્રી પંડિત જવાહરલાલ નહેરુની દિલ્હી ખાતેની શ્રેણીબદ્ધ રૂબરૂ મુલાકાત બાદ, ×ડાંગ સાથેના ગુજરાત× ની તા.૧લી મે ૧૯૬૦ના રોજ સ્થાપના થઈ હોવાની જાહેરાત, આકાશવાણીના અમદાવાદ કેન્દ્ર ઉપરથી વિધીસર રીતે થઈ, ત્યારે બાર-બાર વર્ષોના સંઘર્ષનો અંત આવ્યો હતો.

તે વેળા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી શ્રી ડો.જીવરાજ મહેતાએ ડાંગ નામનુ બાળક, માં ગુર્જરીને ખોળે બેઠું છે ત્યારે સરકાર, ડાંગને શું ભેટ આપે ? તેવી વાત રજૂ કરી. ત્યારે ડાંગને કર્મભૂમિ બનાવનાર નાયક બંધુઓએ, ડાંગના લોકોને માથે ચઢેલા સરકારી દેવાને માફી આપવા સાથે, તે વખતના ×ડાંગ ફંડ× ને ×ડાંગ વિકાસ ફંડ× ના નામે તિજોરીમા જમા કરી, તેના વ્યાજની આવકમાંથી પણ, ડાંગના વિકાસ કામો હાથ ધરવાની માંગણી કરી

હતી. જેનો મુખ્યમંત્રીશ્રીએ સહર્ષ સ્વિકાર કર્યો હોવાની નોંધ, સ્વ.શ્રી ઘેલુભાઈ નાયકે તેમના ×મારી સ્મરણયાત્રા× નામના પુસ્તકમા કરી છે.

દ્વિભાષી મુંબઈ રાજ્યના એક ભાગ તરીકે ગણાતા ડાંગ પ્રદેશ માટે, ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે જે તે વખતે, ભારે ખેંચતાણ થઈ હતી. ડાંગ જિલ્લા લોકલ બોર્ડની ચૂંટણી ઉપર આખી વાત નિર્ભર હતી. ૩૦ બેઠકોની યોજાયેલી ચૂંટણીમાંથી ૨૬ બેઠકો સાથે ગુજરાત તરફી પેનલનો વિજય થયો, અને લોકલ બોર્ડના પ્રથમ પ્રમુખ તરીકે સ્વ.શ્રી છોટુભાઇ નાયકના અધ્યક્ષપદે, ડાંગ પ્રદેશ ગુજરાત સાથે જોડાશે, તેવો ઠરાવ થયો. આ ઠરાવના વિરોધમા ડાંગ જિલ્લા લોકલ બોર્ડના ચાર સભ્યો કે જેઓ ડાંગ પ્રદેશ, મહારાષ્ટ્ર સાથે જોડાય તેમ ઈચ્છતા હતા. તેમણે ઉગ્ર વિરોધ નોંધાવતા સભા ત્યાગ પણ કર્યો હતો.

ગુજરાત પેનલમાંથી ચૂંટાયેલા કાર્યકરો પૈકી દસ કાર્યકરો ગુજરાતના હતા, અને સોળ કાર્યકરો સ્થાનિક આદિવાસી કાર્યકરો હતા. જેમને પલટાવવા માટે પણ ખૂબ જ પ્રયત્નો થયા પણ તેઓ જરાપણ ડગ્યા વિના ગુજરાત સાથે જોડાયા. આમ, ડાંગ જિલ્લામા પહેલી વહેલી ચૂંટણી પણ સને.૧૯૫૭/૫૮મા યોજાઈ હતી. જેમા ગુજરાત તરફી પેનલ ૮૬ ટકા મત (૩૦ માંથી ૨૬ બેઠકો) સાથે વિજયી બની હતી. ધીમે ધીમે ભાષાવાદની ભૂતાવણ પણ ભૂંસાતી ગઈ. અંતે ૧લી મે ૧૯૬૦એ આ તમામ ખટપટનો અંત આવ્યો અને ડાંગ નામનુ બાળક, માં ગુર્જરીના ખોળે બેઠું.

સાપુતારાનો પણ ડાંગમા સમાવેશ થાય તે માટે શરૂ થયેલી ચળવળ વેળા, બે રાજ્યોના સીમાંકન વખતે, ગુજરાત/મહારાષ્ટ્રની સરહદે જે સ્થળે નવરચિત બન્ને રાજ્યોના ગવર્નરોએ, સીમાંકનની પ્રક્રિયા હાથ ધરી હતી, એ જગ્યા એટ્લે આજનુ 'ગવર્નર હિલ' તરીકે ઓળખાતુ સ્થાન.

સાપના ઉતારા – એટ્લે સાપુતારા. જે જમાનામા ડાંગ પ્રદેશ, અંધારીયા મુલક તરીકે ઓળખાતો તે વેળા, અહીના જંગલોમા ઝેરી સાપોની ભરમાર હતી. આ સરીસૃપોના અહી રાફડા હતા. સાપુતારા લેક તરીકે ઓળખાતા 'સર્પગંગા તળાવ' ની સામે પાર, નાગેશ્વર મહાદેવ મંદિરની પાછળ, આ સર્પોનુ જુનુ મંદિર-સ્થાનક આવેલુ છે.

ત્યારબાદ પ્રવાસીઓના ઉતારા માટે જિલ્લાના લોકલ બોર્ડ દ્વારા તા.૨૪/૦૫/૧૯૬૧ના રોજ 'પ્રવાસી ગૃહ' ના મકાનના શિલારોપણ સાથે તા.૧૩/૦૨/૧૯૬૪ના રોજ આ પ્રવાસીગૃહના ઉદ્ઘાટન સાથે પ્રવાસીઓ માટે આ સુવિધા ઉપલબ્ધ કરવામા આવી હતી. જે સ્વાગત સર્કલની બાજુમા જમણા હાથે આવેલુ છે. ત્યારબાદ કાળક્રમે ડાંગ, સાપુતારા, અને નવાગામના વિકાસની પ્રવૃતિ પણ હાથ ધરવામા આવી.

આજે, પ્રવાસીઓથી બારેમાસ ઉભરાતા સાપુતારાએ, ઐતિહાસિક સંઘર્ષની સાથે અનેક ચડતીપડતી જોઈ છે.

હવા ખાવાના સ્થળ તરીકે ઓળખાતા સાપુતારાના વિકાસ સાથે અહી સને.૧૯૬૮મા વિજળીકરણના કાર્યનો પણ પ્રારંભ કરાયો હતો. ડાંગના શિક્ષણ અંગે સને.૧૯૪૮નાં જૂન મહિનામા શ્રી ઝીપરભાઈ તથા શ્રી રામજીભાઈ સ્વરાજ આશ્રમ વેડછી ખાતે પૂ.જુગતરામભાઈ દવે પાસે ગયા અને જંગલ વિસ્તારના ગરીબ આદિવાસી ગામોમા શરૂ કરેલ શૈક્ષણિક અને સામાજિક કાર્યોની વિગતો જણાવી. જુગતરામભાઈ દવેએ આ આયોજન અને માર્ગદર્શન માટે ૭મી સપ્ટેમ્બર ૧૯૪૮મા શ્રી છોટુભાઈ નાયક તથા શ્રી ઘેલુભાઈ નાયકને આહવા ગામે મોકલ્યા. શ્રી ઝીપરભાઈ કાળુભાઈ ગાંગોડા તથા શ્રી રામજીભાઈ તુળાજીભાઈ પટેલ સાથે પરિચય કરાવી ડાંગની પ્રજા સાથે રહી લોકઉત્કર્ષના કામો કરવા સમજ આપી, અને તે જ દિવસે એટલે કે તા.૦૭/૦૯/૧૯૪૮ના રોજ શ્રી છોટુભાઈ નાયકે આહવા ખાતે 'ડાંગ સ્વરાજ આશ્રમ' શાળાની સ્થાપના કરી. ત્યારબાદ કાલીબેલ, કિરલી, વીરથવા વગેરે સ્થળે ગુજરાતી શિક્ષણ આપતી શાળાઓની શરૂઆત થઈ. આ રીતે આ શાળાઓના માધ્યમ દ્વારા ગુજરાતી શિક્ષણનો વ્યાપ ડાંગમાં વધતો ગયો, અને આમ આ અંધારીયા મુલકમા શિક્ષણનો પણ સૂર્યોદય થયો.

આજે, ડાંગ પણ ગુજરાતની જેમ ૬૨ વર્ષનુ થયુ, એક સમયે અંધારીયા મુલક તરીકે ઓળખાતુ ડાંગ, આજે ×પ્રાકૃતિક ડાંગ× તરીકે ઓળખાઈ રહ્યુ છે. દેશનો સૌ પ્રથમ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો એટ્લે ડાંગ, રાજ્યનો સૌથી પહેલો જ્યોતિર્ગામ જિલ્લો એટ્લે ડાંગ, નલ સે જલ યોજનાનો સો ટકા લક્ષ સિદ્ધિ ધરાવતો જિલ્લો એટ્લે ડાંગ. કોરોનામા સૌથી વધુ સુરક્ષિત રહેલો જિલ્લો એટ્લે ડાંગ.

આમ, ડાંગ જિલ્લો વિકાસની તેજ ગતિએ આગળ વધી રહ્યો છે. પ્રાથમિક જરૂરિયાતની તમામ સુખ સુવિધાઓ, શિક્ષણ, આરોગ્ય અને પ્રવાસન પ્રવૃતિઓનો વિકાસ, પ્રાકૃતિક-ઓર્ગેનિક અન્ન ઉત્પાદન, નોખી અનોખી જીવનશૈલી, હરિયાળા વન અને વન્યપ્રાણી, સાથે આજનુ ડાંગ પ્રતિભાઓથી ઉભરાતુ ડાંગ પણ સાબિત થઈ રહ્યુ છે.

નરેન્દ્ર પવાર,ડાંગ

અલવર રાજસ્થાન ના સુરેશચંદ્ર શર્મા પશુપાલન વિભાગ માં સરકારી નોકરી કરે છે.તેમની અમુક વ્યાજબી માંગણીઓ સરકાર દ્વારા નહિ આપવા આવતા તેઓ માત્ર તુલસીના પાન અને પાણી ઉપર ૧૨ દિવસ ના ઉપવાસ ઉપર બેઠા છે..તેઓ તેમના જિલ્લા ના સંગઠન ના મંત્રી છે.સરકાર દ્વારા લેખિત તેમની બધી માંગણીઓ પૂર્ણ કરવાની બાંહેધરી આપતા તેમના ઉપવાસ પૂર્ણ થઈને તેમની જીત થઈ છે..

ચવેલી ખાતે ચામુંડા માતાજી તેમજ વણઝારી માતાજી ની રમેલ યોજાઈ

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં આવેલ ચવેલી ગામે ગત રાત્રીના સમયે શ્રી ચામુંડા માતાજી તેમજ શ્રી વણઝારી માતાજીની રમેણ યોજાઇ હતી.પ્રાપ્ત વિગત મુજબ ગત રાત્રી દરમિયાન ચાણસ્મા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જીતેન્દ્ર કુમાર ભલજી ભાઈ સોલંકી ના ઘરે શ્રી ચામુંડા માતાજી તથા શ્રી વણઝારી માતાજી ની રમેલ યોજવામાં આવી હતી ત્યારે આજરોજ માતાજીને તેલ ફૂલ ચઢાવવા ના હોય ત્યારે પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી તેમજ ચાણસ્માના ધારાસભ્ય દિલીપસિંહ ઠાકોર, ચાણસ્મા તાલુકા ભાજપ પ્રમુખ ઉપેન્દ્રભાઈ પટેલ સહીત ભાજપ ના વિવિધ કાર્યકરો તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

ચાણસ્મા ખાતે ગુજરાત રાજ્યના સ્થાપના દિન નિમિત્તે પ્રભાત ફેરી નું આયોજન કરાયું

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

તારીખ ૧લી મેના રોજ ગુજરાત રાજ્યનો ૬૨મા સ્થાપના દિન નિમિત્તે પાટણ ખાતે રાજ્ય કક્ષા નો પ્રોગ્રામ યોજાવા જઇ રહ્યો છે ત્યારે આજરોજ ચાણસ્મા ખાતે સ્થાપના દિનના પૂર્વ દિવસે પ્રભાતગીરી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચાણસ્મા નગરપાલિકાના પ્રમુખશ્રી વિષ્ણુભાઈ પટેલ દ્વારા રેલીને પ્રસ્થાન કરાવેલ આવ્યું હતું પ્રભાત ફેરી માં જય જય ગરવી ગુજરાત તથા હેપી બર્થ ડે ગુજરાત જેવા નારાઓ ચાણસ્મા કન્યાશાળાઓ ની બાળાઓ દ્વારા લગાવવામાં આવ્યા હતા તેમજ ખાતરેજ યોજાયેલ પ્રભાત ફેરી માં જણાવવામાં આવ્યું હતું કે પે લી ને એટલે કે ગુજરાતનો સ્થાપના દિવસ આ દિવસે દરેક ના ઘરમાં રાત્રે દરમિયાન દીવા પ્રગટાવવામાં આવે તેવું સૂચન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે શાળાના આચાર્ય તથા શાળાના શિક્ષકો હાજર રહી બાળકોને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું

શુભારંભ

બ્રહ્મસમાજના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે

શ્રી બ્રહ્મ એકેડેમી

જેમાં સ્પોકન ઈંગ્લીશ અને બેઝીક કોમ્પ્યુટર (ટેલી, ડી.ટી.પી., એમ.એસ. ઓફીસ, સી.સી.સી. સર્ટીફિકેટ)ના વેકેશન બેચ તથા ધોરણ ૧ થી ૯ના રેગ્યુલર ટ્યુશન ક્લાસીસની બ્રહ્મ સમાજના બાળકો માટે નિઃશુલ્ક વ્યવસ્થા.

ભુદેવ પરિવારોને આ પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ છે...

: તારીખ / સમય :
તા. ૩/૫/૨૦૨૨, મંગળવાર
(વૈશાખ સુદ-૩) અખાત્રીજ
સવારે ૧૦-૦૦ કલાકે

: સ્થળ :
૧/૨, બ્લ્યુ બેલ એક્સોટિકા
દિયા પાર્ટી પ્લોટની સામે,
ન્યુ વાવોલ-ઉવારસદ રોડ, વાવોલ, ગાંધીનગર

આમંત્રિત મહેમાનશ્રીઓ

શ્રી પિનાકીનભાઈ રાવલ (પ્રમુખશ્રી, સમસ્ત બ્રહ્મ સમાજ, ગુજરાત)
શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા (તંત્રીશ્રી, ગાંધીનગર સમાચાર)
શ્રી ડો. સી. જે. ચાવડા (એમ.એલ.એ., ગાંધીનગર)
શ્રી રૂચિરભાઈ ભટ્ટ (પ્રમુખશ્રી, ગાંધીનગર શહેર ભાજપ)
શ્રી આશિષભાઈ દવે (પૂર્વ ગુડા ચેરમેન)
શ્રી નિશિતભાઈ વ્યાસ (ઉપપ્રમુખશ્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ)
શ્રી દેવેન્દ્રસિંહ ગોલ (બિલ્ડર, ધેદેહી ગ્રુપ)

શુભેચ્છક

નરેશભાઈ દવે, પ્રમુખશ્રી, મુકેશભાઈ શુક્લ, મહામંત્રીશ્રી, શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર
કિષ્નભાઈ જાની, પ્રમુખશ્રી, તુષારભાઈ રાવલ, મહામંત્રીશ્રી, શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર (યુવા પરિવાર)
પ્રવિણાબેન વોરા, પ્રમુખશ્રી, વિમળાબેન અચારી, મહામંત્રીશ્રી, શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર (મહિલા પાંખ)

નિમંત્રક

નિતિનભાઈ ત્રિવેદી, પ્રમુખશ્રી
અતુલભાઈ મહેતા, મહામંત્રીશ્રી
સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર ન્યુ વાવોલ શાખા

પાલનપુર તાલુકાના ગઢ ગામમાં શ્વાન પર લાકડી અને ધોકા વડે માર મારતાં એક શ્વાન નું કરૂણ મોત.

ગામના જ ઈસમો દ્વારા શ્વાન ની હત્યા કરાતાં જાગૃત નાગરિક દ્વારા ગઢ પોલીસ માં ફરિયાદ નોંધાઈ.

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ :દીલીપ ગોહીલ

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર તાલુકાના ગઢ ગામમાં રહેતા (૧)ચમનભાઈ રામજીભાઈ રૂનીયા (૨)ખેમભાઈ હીરાભાઈ ભાટિયા આ બંને ઈસમોએ શેરીમાં વસવાટ કરતા અબોલા મૂંગા શ્વાનને વગર વિચારે ક્રુરતા પુર્વક લાકડીઓ ફટકારી માર મારતાં એક શ્વાનુ સ્થળ ઉપર જ મોત થયુ હતુ.

જે સમગ્ર ઘટના ફરિયાદી ભીખાભાઈ ખેતાભાઈ ભાટીના ઘરે લગાવેલ સી.સી.ટી.વી. કેમેરા માં કેદ થઈ ગઈ હતી. જેના આધારે ભીખાભાઈ ખેતાભાઈ ભાટીયા એ બિજા દિવસે ગઢ પોલીસ મથક માં જાણ કરી હતી. ત્યારે ગઢ પોલીસે આ બનાવ અંગે ભીખાભાઈ ભાટીયા ની ફરિયાદ નોંધી આ બંન્ને ઈસમો વિરુદ્ધ એનિમલ એક્ટ મજબ આઈ.પી.સી ૪૨૯,૧૧૪ , 11(1)L,119 મુજબ ફરિયાદ નોંધી કાયદેસર ની તપાસ હાથ ધરી છે. વધુ માં સ્થાનિક લોકો દ્વારા જાણવા મળ્યુ હતુ કે આવી રીતે મુંગા પ્રાણીઓ ઉપર ક્રુરતા પુર્વક હુમલો કરનાર આવા ઈસમો સામે સરકાર દ્વારા કડક માં કડક સજા થાય તેવી માંગ કરાઈ હતી.

ચાણસ્મા પોલીસ દ્વારા બે બાઈક સાથે એક ઈસમને ઝડપી પાડયો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

અત્યારે ચાલી રહેલી દિન-પ્રતિદિન વાહનોની ચોરી સામે સમગ્ર ગુજરાત રાજ્ય સહિત પાટણ જિલ્લાની પોલીસ પણ સક્રિય બની છે ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં ચાણસ્મા તાલુકા પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા ત્યારે શંકાસ્પદ એક બાઈક લાગતા તે અમને પૂછપરછ કરતાં ભાંગી પડ્યો હતો ત્યારે વધુ પૂછપરછ માટે ચાણસ્મા પોલીસ મથકે લાવતા તેને અન્ય બાઈક પણ ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું

પોલીસ સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ પાટણ જિલ્લાના ચાણસ્મા પોલીસ મથકના પી.આઈ આર એમ વસાવા સાહેબ ની સૂચના થી ચાણસ્મા પોલીસ મથકના કેતનભાઇ, ચેનું ભા , શૈલેષભાઈ , ગોવિંદભાઈ સહિતનો પોલીસ સ્ટાફ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચાણસ્મા હાઈવે પર આવી રહેલ બાઈક નંબર જીજે ૮ એકે ૬૮૯૧બાઈક રોકાવી તેની પાસે સાધનિક કાગળો માંગતા હોય તેમજ યોગ્ય જવાબ ના આપતા પોલીસ મથકે લઈ જઇ વધુ વિગત માંગતા આ બાઈક ચોરી નું હોય તેમ જણાઈ આવ્યું હતું ત્યારે આરોપી તરીકે પ્રેમ સિંગ છગુ જી ડાભી ઉંમર વર્ષ ૨૩ રહેઠાણ રહે રાણપુર વચલોવાસ તાલુકો ડીસા હાલ રહે શિહોરી શેત્ર પાળ ના મંદિર પાસે ઠાકોરવાસ ની અટકાયત કરી વધુ પૂછપરછ કરતા અન્ય એક બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો છે ત્યારે ડીસા દક્ષિણ પોલીસ મથક ખાતે ચોરાયેલો બંને બાઈકોના ગુના નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે

ગુજરાત ગૌરવ દિવસ- પાટણ

૧ મે સ્થાપના દિને પાટણ જિલ્લાને મળશે રૂ. ૩૬૯ કરોડના ૪૨૯ વિકાસના કામોની ભેટ

રૂ. ૩૩૨.૬૧ કરોડના ૧૭૨ વિકાસ કામોના ખાતમુર્હુત- રૂ. ૩૬.૩૨ કરોડના ખર્ચે ૨૫૭ વિકાસ કામોના લોકાર્પણ...

રાષ્ટ્રીય પર્વો રાજ્યના પાટનગરમાં ઉજવવાના બદલે જૂદા જૂદા જિલ્લા મથકે ઉજવવાની પરંપરા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરી હતી. એ શ્રુંખલાના ભાગ રૂપે રાજ્યના ઉત્તર ગુજરાતના મહત્વના એવા પાટણ જિલ્લ્લામાં ૧લી મે-સ્થાપના દિવસની ઉજવણી યોજાનાર છે.

આ ઉજવણીના ભાગરૂપે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં પાટણ જિલ્લાના નાગરિકોને રૂપિયા ૩૬૯ કરોડના ૪૨૯ વિકાસ કામોની ભેટ મળશે. તેના પગલે ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લામાં વિકાસની નવી ઉંચાઈ પ્રસ્થાપિત થશે. આ કામોમાં પાટણના નાગરિકોને રૂપિયા ૨૬૪ કરોડના પાણી કામોનો પણ સમાવેશ થાય છે.

તેના પગલે પાટણ જિલ્લાના ચાર તાલુકા સહિત કાંકરેજ તાલુકના ખાતમુહૂર્ત નાગરિકોને પણ પાણીના કમોની વિશેષ ભેટ ઉપલબ્ધ થશે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિકાસ કામોના ખાતમુર્હુત અને લોકાર્પણથીજિલ્લાના અનેક ગામોના ૩.૨૨ લાખ થી વધુ લોકોને સીધો લાભ મળશે. .

રાજ્યના સ્થાપના દિવસે હાથ ધરાનાર વિકાસની હેલીમાં પંચાયત વિભાગના સીસી રોડ, પીવાની પાઇપ લાઇન ,પેવર બ્લોક સહિત ૧૬૨ કામો રૂ ૨૨૬.૩૧ લાખના ખર્ચે નિર્માણ પામનાર છે. જેનાથી ૧૪૪ ગામોની ૨૮૦૧૯ લોકોને ફાયદો થનાર છે. દેલવાડા અને નાગવાસણા ખાતે રૂ ૫૦ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્રના ખાતમુર્હુતથી આરોગ્ય વિભાગના ૦૨ કામોમાં ૦૨ ગામની ૧૦,૦૦૦ વસ્તીને આરોગ્યની સેવાઓના લાભ મળનાર છે. રૂ ૬૪૫૦ લાખના ખર્ચે માર્ગ અને મકાન વિભાગના ૦૬ કામો જેમાં ૩૯ ગામોની ૧૩૨૩૫૧ની વસ્તીને રસ્તાઓ સહિતની પ્રાથમિક સુવિધાઓ મળનાર છે.

પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના ૦૩ કામો ૨૬૪૩૫.૯૫ લાખના ખર્ચે તૈયાર થનાર છે જેનાથી ૦૧ ગામની ૧૪૭૬ પાટણવાસીઓ લાભ લઇ શકનાર છે. બાલીસણા, અજા અને ભાટસણ ખાતે આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ થનાર છે .મહિલા અને બાળ વિકાસના રૂ ૨૧ લાખના ખર્ચે ૦૩ કામોના આંગણવાડી મકાનોના ખાતમુર્હુત થનાર છે. જેનાથી ૦૩ ગામોની ૩૭૯ બાળકને પોષ્ટીક આહાર મળી રહેશે સિધ્ધપુર નગરપાલિકા દ્વારા રૂ ૯૬ લાખના ખર્ચે ૦૧ કામનું ખાતમુર્હુત થનાર છે જેનાથી ૨૦૫૦ સિધ્ધપુરવાસીઓને ફાયદો થનાર છે .

ગુજરાતની સ્થાપના દિવસે મુખ્યમંત્રીશ્રી વિકાસ કામોના લોકાર્પણ કરનાર છે. આ વિકાસ કામોમાં ૧૧ વિભાગાના ૧૨૬૧ કામોનં લોકાર્પણ થનાર છે.

આ કામોમાં ગૃહ વિભાગના ૦૩ કામો અંતર્ગત પોલીસ અધિકારીઓ અને કર્મયોગીઓના રહેણાંક , પંચાયત વિભાગના સીસીરોડ. પેવર બ્લોક , ગટર લાઇન સહિત ગ્રામ સુવિધાના કામો , .રૂ ૫૦ લાખના ખર્ચે સમોડા અને મીઠા ધરવા ખાતે તૈયાર થયેલ પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ, ઓરૂમાણા, ગોલીવાડા અને નાંદોત્રી ખાતે સરકારી શાળાના મકાનનું લોકાર્પણ, રાધનપુર, સમી, પાટણ અને સરસ્વતી તાલુકાની ૨૬ આંગણવાડીના મકાનોનું લોકાર્પણ, મહિલા અને બાળ વિકાસ વિભાગના ૨૬ કામો, જળ જીવન મિશન, નલ સે જલ યોજના અંતર્ગત કામના લોકાર્પણ, સિધ્ધપુર નગરપાલિકાનું કામ, પાટણ નગરપાલિકાનું ૦૧ કામ,વાગડોદ અને ધરમોડા ખાતે નવી અધતન આઇ.ટી.આઇ મકાન, શ્રમ અને રોજગાર વિભાગના ૦૨ કામો, ગ્રામ વિકાસ વિભાગની મનરેગા યોજનાના ૨૫ કામો ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦૦ આવાસન લોકાર્પણોનો સમાવેશ થાય છે. .

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.